પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૩૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૬-૦૫-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ જાહેર થયું

# ધો.૧૦નું કુલ ૬૪.૬૨ ટકા પરિણામ જાહેર : ગત વર્ષ કરતાં આ વર્ષે અડધો ટકા ઓછું પરીણામ જાહેર થયું છે

અમદાવાદ,

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા આપનારા લાખો વિદ્યાર્થીઓની આતુરતાનો આજે અંત આવી ગયોં છે. ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ જાહેર થઈ ગયું છે. બોર્ડની વેબસાઈટ પર જાહેર પરિણામ જાહેર થયુ છે. આ વર્ષનું કુલ ૬૪.૬૨ ટકા પરિણામ જાહેર થયું છે. અંદાજે ૯.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. ગત વર્ષ કરતાં આ વર્ષે અડધો ટકા ઓછું પરીણામ જાહેર થયું છે.સૌથી વધુ પરિણામ ધરાવતુ કેન્દ્ર - કુંભારિયા બનાસકાંઠા ૯૫.૯૨ ટકા રહ્યું છે જયારે સૌથી ઓછું પરિણામ ધરાવતુ કેન્દ્ર - ઉતાવળી, નર્મદા જિલ્લો ૧૧.૯૪ ટકા રહ્યું છે જયારે વધુ પરિણામ ધરાવતો જિલ્લો - સુરત ૭૬.૪૫ ટકા,ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો - દાહોદ ૪૦.૭૫ ટકા,૧૦૦ ટકા પરિણામ



ધરાવતી શાળાઓ - ૨૭૨, ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળા - ૧૦૮૪,૦ ટકા પરિણામ ધરાવતી શાળા - ૧૫૭, ૭૧૧ ગેરરીરીતિના કેસ નોંધાયા છે.ગુજરાતમાં ધોરણ ૧૦ના આજે જાહેર થયેલા પરિણામમાં વિષયવાર સામે આવેલા પરિણામ પર નજર કરીએ તો જણાશે કે અંગ્રેજી વિષયનું પરિણામ સૌથી વધુ ૯૫.૦૬ ટકા આવ્યું છે જ્યારે વિજ્ઞાન વિષયનું પરિણામ સૌથી ઓછી ૬૭.૭૨ ટકા આવ્યું છે. આ ઉપરાંત વિષયવાર પરિણામની ટકાવારી પર નજર કરીએ તો ગુજરાતી ૮૪.૬૦ ટકા , હિન્દી ૮૯.૭૮ ટકા, અંગ્રેજી ૯૫.૦૬ ટકા, સામાજિક વિજ્ઞાન ૮૬.૭૭ ટકા, વિજ્ઞાન ૬૭.૭૨ ટકા ગણિત ૯૪.૯૯ ટકા, ગુજરાતી એસએલ ૮૯.૭૩ ટકા, હિન્દી એસએલ ૮૭.૩૪ ટકા ,અંગ્રેજી એસએલ ૮૫.૨૧ ટકા, સંસ્કૃત જી- ૯૦.૮૯ ટકા ,મૂળભૂત ગણિત ૭૦.૪૯ ટકા પરિણામ નોંધાયું છે.

આ વખતે વિદ્યાર્થિનીઓને બાજી મારી છે. વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧૧ ટકા ઊંચું છે. ધોરણ ૧૦ના પરિણામમાં છોકરીઓએ છોકરાઓને પાછળ છોડી દીધા છે. છોકરીઓનું પરિણામ ૭૦.૬૨ ટકા છે, જ્યારે છોકરાઓનું ૫૯.૫૮ ટકા પરિણામ જાહેર થયુ છે.

આ વર્ષે કુલ ૩૯૯૨૬૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૩૭૮૬૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. તો ૩૩૫૬૩૦ વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૩૭૦૨૮ વિદ્યાર્થિની પાસ થઈ છે. એટલે કે વિદ્યાર્થીઓનું ૫૯.૫૮% અને વિદ્યાર્થિનીઓનું ૭૦.૬૨% પરિણામ જાહેર થયુ છે.

રિપીટર પરીક્ષાર્થીની વાત કરીઓ તો ૧૦૭૪૧૫ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૬૨૮૩ વિદ્યાર્થી પાસ થયા છે. તો ૫૧૨૦૮ વિદ્યાર્થિનીએ રિપીટર તરીકે પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૧૧૬૩ વિદ્યાર્થિની પાસ થાય છે. વિદ્યાર્થીઓનું ૧૫.૧૬% વિદ્યાર્થિનીઓનું ૨૧.૮૦% પરિણામ જાહેર થયુ છે.

આ પરીક્ષા સમગ્ર રાજ્યમાં ૯૫૮ કેન્દ્ર પર લેવામાં આવી હતી. ગુજરાતના ૩૩ જિલ્લા પૈકી સૌથી વધુ સુરત જિલ્લામાં ૭૬.૪૫ ટકા પરિણામ જાહેર થયુ છે. જ્યારે સૌથી ઓછુ ૪૦.૭૫ ટકા પરિણામ દાહોદ જિલ્લામાં આવ્યુ છે. ગુજરાતની ૨૭૨૪ શાળાનું પરિણામ ૧૦૦ ટકાથી વધુ જાહેર થયુ છે. ઝીરો ટકા પરિણામ ધરાવતી ૧૫૭ શાળા છે. તો ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળા ૧૦૮૪ છે. અમદાવાદ શહેરમાં ૮, અમદાવાદ ગ્રામ્યમાં ૩, અમરેલી ૪, આણંદ ૫, અરવલ્લી (મોડાસા) ૧, બનાસકાંઠા ૫, ભરૂચ ૩, ભાવનગર ૪, બોટાદ ૩, છોટા ઉદેપુર ૦, દાહોદ ૨૨, ડાંગ ૧, દેવભૂમિ દ્વારકા ૧,ગાંધીનગર ૪, ગીરસોમનાથ (વેરાવળ) ૭, જામનગર ૫, જૂનાગઢ ૯, ખેડા ૪, કચ્છ ૮, મહીસાગર (લુણાવાડા) ૫, મહેસાણા ૪, મોરબી ૨, નર્મદા ૦, નવસારી ૨, પંચમહાલ ૬, પાટણ ૩, પોરબંદર ૨, રાજકોટ ૧૩, સાબરકાંઠા ૫, સુરત ૬, સુરેન્દ્રનગર ૩, તાપી ૨, વડોદરા ૧, વલસાડ ૫, દાદરા નગર હવેલી ૧ છે. સુરતનું ૭૬.૪૫% ,મોરબીનું ૭૫.૪૩%, બોટાદનું ૭૩.૩૯% , રાજકોટનું ૭૨.૭૪%, ભાવનગરનું ૬૯.૭૦%, જામનગરનું ૬૯.૬૫%, સુરેન્દ્રનગરનું ૬૯.૪૨%, કચ્છનું ૬૮.૭૧ %, ગાંધીનગરનું ૬૮.૨૫%, દેવભૂમિ દ્વારકાનું ૬૭.૨૯%, ડાંગનું (આહવા) ૬૬.૯૨% પરિણામ આવ્યુ છે.ધોરણ ૧૦ના પરિણામમાં માધ્યમ મુજબ સામે આવેલા પરિણામ પર નજર કરીએ તો જણાશે કે જેમાં સૌથી વધારે પરિણામ સિંધી માધ્યમનું ૧૦૦ ટકા આવેલ છે. જેમાં પાંચ પરીક્ષાર્થીએ પરીક્ષા આપી હતી અને પાંચેય પરીક્ષાર્થીઓ પાસ થયા છે. જ્યારે માધ્યમ મુજબ સૌથી ઓછું પરિણામ ગુજરાતીમાં ૬૨.૧૧ ટકા આવ્યું છે. જેમાં ૬૨૫૨૮૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૩,૮૮,૩૭૪ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા હતા. જ્યારે તેની બાદ હિન્દી માધ્યમમાં ૬૪. ૬૬ ટકા વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે.

જેમાં ૧૬૩૦૦ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૦૫૩૯ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે મરાઠી માધ્યમનું પરિણામ ૭૦. ૯૫ ટકા આવ્યું છે. જયારે ઈંગ્લિશ માધ્યમનું પરિણામ ૮૧. ૯૦ ટકા આવ્યું છે. જેમાં ૮૯૦૬૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૭૨૮૬૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા હતા. જ્યારે ઉર્દૂ માધ્યમનું પરિણામ ૬૯. ૧૦ ટકા આવ્યું છે. તેમજ ઓરિયા માધ્યમનું પરિણામ ૯૦.૭૭ ટકા આવ્યું છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા ૧૪થી ૨૮ માર્ચ ૨૦૨૩ દરમિયાન લેવામાં આવી હતી. જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષા ૧૪ માર્ચથી ૨૫ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી.

# બાબા બાગેશ્વરના ગુજરાતમાં ધામા : ધીરેન્દ્ર શાસ્ત્રી વટવા રામકથા મેદાને પહોંચ્યા, બાબાનાં દર્શન માટે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું

અમદાવાદ,

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી આજથી ગુજરાતમાં ૧૦ દિવસના દિવ્ય દરબારોના કાર્યક્રમો માટે આવી પહોંચ્યા છે. આજે બપોરે બાગેશ્વર બાબા ચાર્ટર્ડ પ્લેનમાં અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યાંથી તેઓ સીધા કાર મારફત અમરાઈવાડી ખાતે રહેતા એક ભક્તના ઘરે જવા નીકળ્યા હતા. તે દરમિયાન રસ્તામાં જ લોકો તેમને મળવા ઊમટી પડ્યા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રીએ કારમાંથી બહાર નીકળી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. ત્યારબાદ ધીરેન્દ્ર શાસ્ત્રી વટવા રામકથા મેદાનમાં દેવકીનંદન ઠાકુર સાથે આવી પહોંચ્યા છે. બાબાના દર્શન માટે રામકથા મેદાનમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું



વટવા રામકથા મેદાને રાજ્યના પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના નેતાઓ સભા સ્થળે જોવા મળ્યા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રીના આગમનને લઈને વટવા રામકથા મેદાને ભવ્ય તૈયારી કરવામાં આવી છે. બાબા માટે ખાસ આશન લગાવવામાં આવ્યું હતું. ત્યારે ધીરેન્દ્ર શાસ્ત્રી સ્ટેજ પર આવી પહોંચતા ભક્તો દ્વારા તેમનું ફૂલ હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારે બાગેશ્વર બાબાએ સ્ટેજ પર આશન ગ્રહણ કર્યું.

જોકે બાગેશ્વર બાબા અમદાવાદ એરપોર્ટથી યજમાન અમરાઈવાડીના પૂર્વ કોર્પોરેટર અરવિંદ ચૌહાણના ભાઈ જુગનીભાઈના ઘરે પહોંચ્યા હતા. ત્યાં તેમણે ભોજન કર્યા બાદ વટવા રામકથા મેદાને રવાના થયા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રી કારમાં સવાર હતા ત્યારે લોકોએ તેમને ફૂલનો હાર પહેરાવવા પડાપડી કરી હતી તેમજ મોમેન્ટો અને બુકે પણ લોકો આપતા નજરે પડ્યા હતા. અસહ્ય ગરમી હોવા છતાં પણ બાગેશ્વરબાબાના અનુયાયીઓ ઊમટી પડ્યા હતા. ત્યાર પછી વટવા ખાતે ઠાકુર દેવકીનંદનના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ઠાકુર દેવકીનંદન સાથે બપોરે ભોજન બાદ તેઓ ત્રણ વાગ્યે કથામાં હાજરી આપશે. અમદાવાદના ચાણક્યપુરી વિસ્તારમાં આવેલા શક્તિચોક ખાતે ૨૯ અને ૩૦ મે એમ બે દિવસ દિવ્ય દરબારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્થળ પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ કામગીરી કરવામાં આવી રહી છે જે મેદાન છે, ત્યાં કેટલીક જગ્યાએ રોડ-રસ્તા સરખા કરવાની જરૂરિયાત છે. એના પર પેચ વર્કની કામગીરી કરવામાં આવી હતી.

ગોતા વોર્ડના સ્થાનિક કોર્પોરેટર અજય શંભુભાઈ દેસાઈએ કાર્યક્રમ સ્થળ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે પણ કામગીરી કરવામાં આવી રહી છે એ અંગેની જાણકારી મેળવી હતી. જયાં પણ જરૂરિયાત હોય ત્યાં કામગીરી કરવા માટે સૂચના આપી હતી. કાર્યક્રમ સ્થળ પર સાફસફાઈ તેમજ વિસ્તારમાં લાઈટો અને રોડ યોગ્ય રીતે બનાવવાની કામગીરી હાલ ચાલી રહી છે.

# સમગ્ર દેશમાં આકરી ગરમીનો કહેર યથાવત, તાપમાનમાં વધારો થઈ શકે : રિપોર્ટ

નવીદિલ્હી,

ઉત્તર ભારત સહિત સમગ્ર દેશમાં આકરી ગરમીનો કહેર યથાવત છે. પરંતુ હવે તેનાથી રાહત મળવાની કોઈ આશા નથી. દેશના અનેક શહેરોમાં તાપમાન રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. રવિવારે દિલ્હીના નજફગઢમાં તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દરમિયાન, વર્લ્ડ વેધર એટ્રિબ્યુશન, રિપોર્ટ જાહેર કરતી વખતે, માત્ર તાપમાનમાં વધારો થવાની ચેતવણી જાહેર કરી છે.

વર્લ્ડ વેધર એટ્રિબ્યુશનના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વર્ષ ૧૯૦૦થી પૃથ્વીના તાપમાનમાં ૧.૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. દર ૧-૨ વર્ષે પૃથ્વીના તાપમાનમાં વધારો થવાનો સિલસિલો યથાવત રહ્યો છે. હાલમાં ભારતમાં એટલી તીવ્ર ગરમીમાં લોકો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે.

દેશના ઘણા ભાગોમાં તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું. તે જ સમયે, 'લૂ' પણ ઘણા દિવસોથી દેશમાં તબાહી મચાવી રહી છે. તે જ સમયે, રિપોર્ટમાં માત્ર ભારત માટે જ નહીં પરંતુ બાંગ્લાદેશ, થાઈલેન્ડ જેવા દક્ષિણ એશિયાના ઘણા દેશો માટે ચેતવણી આપવામાં આવી છે.રિપોર્ટ બનાવવા માટે સૌથી પહેલા એવું માનવામાં આવે છે કે ૪૧ ડિગ્રી તાપમાન પૃથ્વી માટે ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે. પરંતુ દક્ષિણ એશિયાના દેશોમાં તે તાપમાન પાર કરી ગયુ છે. આ રિપોર્ટ દક્ષિણ એશિયાના દેશોની ગરમી અને ભેજના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. તે જ સમયે, એવું કહેવામાં આવ્યું હતું કે પૃથ્વીના વધતા તાપમાનને કારણે આ દેશોમાં બે ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે અને આગામી વર્ષોમાં તે વધુ વધી શકે છે. આ માટે ક્લાઈમેટ ચેન્જ પણ મહદઅંશે જવાબદાર છે.

કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં હાથ ધરાયેલા એક અભ્યાસ મુજબ, ભારતમાં હવામાન પરિવર્તનના કારણે આકરી ગરમી વધુને વધુ ગંભીર બની રહી છે. અભ્યાસ મુજબ, દેશના ૯૦ ટકાથી વધુ વિસ્તાર 'હાઈ એલર્ટ' કેટેગરીમાં છે અથવા તેની અસરોના 'જોખમમાં' છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હીમાં ઉનાળાની મોસમમાં મંગળવારે વીજળીની માંગ વધીને ૬,૯૧૬ મેગાવોટ થઈ હતી, જે આ સિઝનમાં અત્યાર સુધીની સૌથી વધુ માંગ છે. તેમણે જણાવ્યું હતું કે શહેરમાં ગયા ઉનાળામાં ૭,૬૯૫ મેગાવોટની પીક પાવર ડિમાન્ડ નોંધાઈ હતી અને આ વર્ષે તે ૮,૧૦૦ મેગાવોટ સુધી પહોંચી શકે છે.

# વડાપ્રધાન મોદીએ ઉત્તરાખંડને આપી મોટી ભેટ, રાજ્યની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી

નવીદિલ્હી,

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તરાખંડને મોટી ભેટ આપી છે. રાજ્યની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને વડાપ્રધાન મોદીએ લીલી ઝંડી બતાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી આનંદ વિહાર રેલ્વે સ્ટેશન પર વર્ચ્યુઅલ માધ્યમથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૨૮ મેથી દહેરાદૂન અને દિલ્હી વચ્ચે નિયમિતપણે દોડવાની છે. આ અગાઉ મંગળવારે દિલ્હી અને દેહરાદૂન વચ્ચે આઠ ડબ્બાવાળી આ એક્સપ્રેસ ટ્રેનનું ટ્રાયલ રન સફળ રહ્યું હતું. આ ટ્રેન બુધવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ સવારે ૭.૦૦ કલાકે દોડશે. રેલવે બોર્ડના જોઈન્ટ ડાયરેક્ટે જણાવ્યું હતું કે ટ્રેનમાં દેહરાદૂન અને દિલ્હી વચ્ચે માત્ર પાંચ સ્ટોપેજ હશે. આ સ્ટોપેજમાં હરિદ્વાર, રૂરકી, સહારનપુર, મુઝફ્ફરનગર અને મેરઠનો સમાવેશ થાય છે. ટ્રેનની મહત્તમ સ્પીડ ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. આ ઉપરાંત સરેરાશ સ્પીડ ૬૩.૪૧ નક્કી કરવામાં આવી છે. ટ્રેનનું ભાડું પણ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાડું શતાબ્દી એક્સપ્રેસ કરતા ૧.૨ થી ૧.૩ ટકા વધુ હોઈ શકે છે. વંદે ભારત દેહરાદૂનથી દોડતી સૌથી ઝડપી ટ્રેન શતાબ્દી એક્સપ્રેસ કરતાં એક કલાક કરતાં ઓછા સમયમાં દિલ્હી પહોંચી જશે. જો કે શતાબ્દી એક્સપ્રેસ નવી દિલ્હી રેલ્વે સ્ટેશન સુધી ચલાવવામાં આવે છે. જ્યારે આ ટ્રેન ફક્ત આનંદ વિહાર સુધી જ જશે. આ ટ્રેન મુસાફરી માટે ૪ કલાક ૪૫ મિનિટ લેશે. આ વંદેભારત એક્સપ્રેસ ટ્રેન સવારે ૭ વાગ્યે દૂનથી નીકળીને સવારે ૧૧.૪૫ વાગ્યે આનંદ વિહાર રેલવે સ્ટેશન પહોંચશે. વંદે ભારત ગાઝિયાબાદ રેલવે સ્ટેશનથી ધીમી ગતિએ પસાર થશે.

# કેદારનાથ યાત્રા : અત્યાર સુધીમાં હેલિકોપ્ટર દ્વારા ૨૬ હજારથી વધુ શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચ્યા

કેદરાનાથ,

આ વર્ષે કેદારનાથ યાત્રા શરૂ થયાના એક મહિનાની અંદર ૨૬ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ હેલિકોપ્ટર દ્વારા ભગવાન શિવના દર્શન કર્યા છે. કેદારનાથ મંદિર માટે ત્રણ સ્થળોએથી સાત હેલિકોપ્ટર સેવાઓ ઉપલબ્ધ છે. કેદારનાથ મંદિરના પોર્ટલ ૨૫ એપ્રિલે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. રુદ્રપ્રયાગ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝ મુજબ, ૨૩ મે સુધી, ૨૬,૫૬૪ શ્રદ્ધાળુઓ હવાઈ સેવાઓ દ્વારા કેદારનાથ મંદિર પહોંચ્યા હતા.

હેલિકોપ્ટર સેવાના નોડલ અધિકારી રાહુલ ચૌબેએ જણાવ્યું હતું કે યાત્રા શરૂ થયા બાદ રૂદ્રપ્રયાગ જિલ્લાના ગુપ્તકાશી, ફાટા અને શેરસી ખાતે સાત કંપનીઓ શ્રદ્ધાળુઓને હેલિકોપ્ટર સેવા પૂરી પાડી રહી છે. તેમણે માહિતી આપી હતી કે ટ્રાન્સ ભારત અને આર્યન દ્વારા ગુપ્તકાશી,



પવન હંસ, ફાટાથી ગ્લોબલ વિક્ટ્રા અને થમ્બી અને શેરસીથી હિમાલયન અને એરો કંપની દ્વારા ભક્તોને હેલિકોપ્ટર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

ચૌબેએ કહ્યું કે ૧૧૪૯ શ્રદ્ધાળુઓ હેલિકોપ્ટર દ્વારા કેદારનાથ ધામ ગયા હતા, ૧૧૪૬ શ્રદ્ધાળુઓને કેદારનાથથી પાછા લાવવામાં આવ્યા હતા જ્યારે ૨૦૧ તીર્થયાત્રીઓને શટલ સેવા પૂરી પાડવામાં આવી હતી. મંદિરના દરવાજા ખોલવામાં આવ્યા બાદ કુલ ચાર લાખ ૭૫ હજાર ૭૨૫ ભક્તોએ ભગવાન કેદારના દર્શન કર્યા છે.

# પ્રથમવાર ભગવાન મહાકાલના નામ પર સેટેલાઈટ અવકાશમાં છોડવામાં આવશે

ઉજજૈન,

૧૨ જ્યોતિર્લિંગોમાંના એક એવા ભગવાન મહાકાલેશ્વરને ત્રણેય લોકના સ્વામી માનવામાં આવે છે. તેમને પાતાળ, પૃથ્વી અને આકાશમાં પ્રથમ અને સર્વ પૂજનીય દેવતા પણ કહેવામાં આવે છે. હવે ત્રણેય લોકના અધિપતિ ભગવાન મહાકાલના નામે એક સેટેલાઈટ પણ લોન્ચ થવા જઈ રહ્યો છે.ઈસરો ચીફે ઉજ્જૈનમાં દર્શન બાદ આપી આ વાતની જાણકારી આપી હતી. ઈસરોના ચીફ એસ. સોમનાથ ભગવાન મહાકાલની નગરી ઉજ્જૈન પહોંચ્યા અને ભગવાન મહાકાલના આશીર્વાદ લીધા હતા. મહાકાલેશ્વર મંદિરના પૂજારી રમણ ત્રિવેદીએ જણાવ્યું હતું કે લાંબા સમયથી સોમનાથ શ્રીધર ભગવાન મહાકાલના આશીર્વાદ લેવાનું આયોજન કરી રહ્યા હતા. તેમને મંદિરની મુલાકાત લેવા માટે પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પંડિત ત્રિવેદીએ જણાવ્યું હતું કે ઈસરોના ચીફે એસ. સોમનાથે તેમને વચન આપ્યું છે કે તેઓ મહાકાલ નામનો સેટેલાઈટ પણ લોન્ચ કરશે. ભગવાન મહાકાલના દેશ-વિદેશમાં કરોડો શિવભક્તો છે. હવે ભગવાન મહાકાલના નામ પર સેટેલાઈટ લોન્ચ કરવાથી તેની ખ્યાતિમાં વધુ વધારો થશે.

# રાજકોટ ક્રાઈમ બ્રાન્ચનું મોટું ઓપરેશન, ૫૦૦ અને ૧૦૦ના દરની નકલી ચલણી નોટો સાથે ત્રણની ધરપકડ

રાજકોટ,

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચનું મોટું ઓપરેશન પાર પાડ્યું છે. જેમાં પોલીસે ૫૦૦ અને ૧૦૦ ના દરની નકલી ચલણી નોટો સાથે ત્રણ લોકોની ધરપકડ કરી છે.જેમાં ૫૦૦ના દરની ૪૬૨૨ અને ૧૦૦ ના દરની ૩૩૫ નકલી ચલણી નોટ ઝડપી પાડી છે. જેમાં સાધુ વાસવાણી રોડ અને મોરબી રોડ પરથી નકલી નોટ ઝડપાઈ છે. પોલીસે ૫૦૦ અને ૧૦૦ના દરની નકલી ચલણી નોટો સાથે ત્રણ લોકોની ધરપકડ કરી છે. જેમાં ૫૦૦ના દરની ૪૬૨૨ અને ૧૦૦ ના



દરની ૩૩૫ નકલી ચલણી નોટ ઝડપી પાડી છે. જેમાં સાધુ વાસવાણી રોડ અને મોરબી રોડ પરથી નકલી નોટ ઝડપાઈ છે. જેમાં કુલ ૨૩.૪૪ લાખની ચલણી નોટ પકડી પાડી છે. પોલીસે પ્રિન્ટર,કોમ્પ્યુટર સહિત મુદ્દામાલ કબજે કર્યો છે.

# ઈરાને ૨૦૦૦ કિ.મી. રેન્જની બેલેસ્ટિક મિસાઈલ બનાવી : અમેરિકા-ઈઝરાઈલના બેધ સુધી પહોંચવામાં સક્ષમ

તેહરાન,

ઈરાને ૨૦૦૦ કિમી રેન્જ ધરાવતી બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. ઈરાનનો દાવો છે કે આ મિસાઈલ મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈઝરાઈલના અડ્ડા સુધી પહોંચવામાં સક્ષમ છે. અમેરિકા અને યુરોપના વારંવારના વિરોધ છતાં ઈરાને કહ્યું છે કે તે તેના મિસાઈલ કાર્યક્રમને વિકસાવવાનું ચાલુ રાખશે. ઈરાનના રક્ષા મંત્રી મોહમ્મદરેઝા અશ્તિયાનીએ કહ્યું- આ આપણા દુશ્મનોને સંદેશ છે કે અમે દરેક કિંમતે અમારી સુરક્ષા કરીશું. તે જ સમયે, અમે અમારા મિત્રોને કહેવા માંગીએ છીએ કે અમે પ્રદેશમાં શાંતિ માટે શક્ય તેટલું બધું જ કરી રહ્યા છીએ. ઈરાનની સરકારી સમાચાર એજન્સી **IRNA**એ જણાવ્યું કે ખૈબર નામની મિસાઈલ ૧૫૦૦ કિલોગ્રામ સુધીના વોરહેડ લઈ જવા માટે સક્ષમ છે. આ મિસાઈલ પર્સિયન ગલ્ફમાં પેટ્રોલિંગ કરી રહેલા યુદ્ધ જહાજો અને સબમરીન પર તૈનાત કરવામાં આવી છે. નેવીનું કહેવું છે કે ઈરાનની આર્મ્ડ ફોર્સ આઈઆરજીસી ગલ્ફમાં દુશ્મન જહાજોની ગતિવિધિઓ પર સતત નજર રાખી રહી છે. આ બેલેસ્ટિક મિસાઈલ અમેરિકાના ટોમાહોક કરતા પણ વધુ અંતર કાપવાની ક્ષમતા ધરાવે છે. થોડા દિવસો પહેલા ન્યૂઝ એજન્સી એપીના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઈરાન પોતાની પરમાણુ સુવિધાને ઈઝરાઈલ અને અમેરિકાના હુમલાથી બચાવવા માટે તમામ પ્રયાસ કરી રહ્યું છે. તે હવે પર્વતીય વિસ્તારમાં ભૂગર્ભમાં પરમાણુ હથિયારો બનાવી રહ્યો છે. તેની સેટેલાઈટ તસવીરો પણ સામે આવી હતી. જેમાં ઈરાની કામદારો ઝાગ્રોસના પહાડોમાં સુરંગ ખોદતા જોવા મળ્યા હતા. આ સ્થળ ઈરાનની ન્યુક્લિયર સાઈટ નતાન્ઝની ખૂબ જ નજીક છે, જેના પર પશ્ચિમી દેશોના સતત હુમલાઓ થઈ રહ્યા છે. ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવવાથી રોકવા માટે તેના પરમાણુ કેન્દ્ર પર ઘણી વખત હુમલો કરવામાં આવ્યો છે. **Natanz** ન્યુક્લિયર સાઈટ પર **Stuxn"** વાયરસથી હુમલો કરવામાં આવ્યો હતો. તે ઈઝરાયેલ અને અમેરિકામાં બનેલો વાયરસ હતો. વાસ્તવમાં ઈરાન લગભગ ૨૨ વર્ષથી પરમાણુ શક્તિ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકા, ઈઝરાઈલ અને આરબ જગત સહિતના પશ્ચિમી દેશોને લાગે છે કે જો ઈરાન પરમાણુ શસ્ત્રો વિકસાવશે તો તે વિશ્વ માટે ખતરો ઉભો કરશે. ૨૦૧૦માં, યુએન સિક્યુરિટી કાઉન્સિલ, યુરોપિયન યુનિયન અને યુએસએ ઈરાનને રોકવા માટે પ્રતિબંધો લાદ્યા હતા. આમાંના મોટા ભાગના હજુ પણ ચાલુ છે.

# દિલ્હી હાઈકોર્ટે IPS સતિષ વર્માની બરતરફીનો આદેશ યથાવત્ રાખ્યો

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી સતિષચંદ્ર વર્માને બરતરફ કરવાના કેન્દ્રના આદેશને યથાવત્ રાખ્યો છે. તેમણે ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસમાં સીબીઆઈની મદદ કરી હતી. ચીફ જસ્ટિસ સતિષચંદ્ર શર્મા અને જસ્ટિસ સંજીવ સચદેવાની બેન્ચે આઈપીએસ વર્મા દ્વારા તેમની બરતરફીને પડકારતી અરજીઓને ફગાવી દીધી હતી.

ચીફ જસ્ટિસ સતિષચંદ્ર શર્મા અને જસ્ટિસ સંજીવ સચદેવાની બેન્ચે આઈપીએસ વર્માની અરજીઓ અંગે સુનાવણી કરી હતી અને તેને ફગાવી



દેવાનો નિર્ણય લીધો હતો. ઉલ્લેખનીય છે કે, વર્માને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ નિવૃત્તિ પહેલાં ૩૦ ઓગસ્ટે જ બરતરફ કરી દેવાયા હતા. ?વિભાગીય તપાસમાં વર્મા ઘણા આરોપોમાં દોષિત પુરવાર થયા હતા. જેમાં 'જાહેર મીડિયા સાથે વાતચીત' સહિતની બાબતો સામેલ છે. એ વખતે તે શિલોંગ ખાતે ઉત્તર પૂર્વ ઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશનના મુખ્ય સતર્કતા અધિકારી હતા. અગાઉ વર્માએ હાઈકોર્ટમાં અરજી કરી હતી, પણ કોર્ટે ગયા વર્ષે ૨૬ સપ્ટેમ્બરે વર્માની બરતરફી પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. જજ સંજીવ સચદેવા અને તુષાર રાવ ગેડેલાની બેન્ચે આદેશમાં જણાવ્યું હતું કે, 'અમે બરતરફીના આદેશને અટકાવી નહીં શકીએ.'

વર્માએ એપ્રિલ ૨૦૧૦ અને ઓક્ટોબર ૨૦૧૧ વચ્ચે ૨૦૦૪ના ઈશરત જહાં કેસની તપાસ કરી હતી. તેમના તપાસ અહેવાલને આધારે એક વિશેષ તપાસ જૂથે એન્કાઉન્ટરને નકલી ગણાવ્યું હતું. ત્યાર પછી ગુજરાત હાઈકોર્ટે સીબીઆઈને કેસની તપાસ કરવા અને તેમાં વર્માની સેવાઓ લેવા જણાવ્યું હતું. જેમાં વર્મા પર ૨ અને ૩ માર્ચ, ૨૦૧૬ના રોજ પબ્લિક મીડિયા સાથે વાતચીત કરવાનો તેમજ ગુવાહાટી ખાતે નોર્થ ઈસ્ટર્ન ઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશનની ઓફિસના સંકુલમાં ન્યૂઝ ચેનલને ઈન્ટરવ્યૂ આપવાનો આરોપ મુકાયો હતો. તેમની પર આરોપ હતો કે, તેમના નિવેદનને કારણે એન્કાઉન્ટર કેસમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ટીકા થઈ હતી. ઉપરાંત, વર્માએ સ્પષ્ટ ન હતું કર્યું કે તેમણે વ્યક્ત કરેલા વિચારો વ્યક્તિગત છે, સરકારના નહીં.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લા સ્વાગત કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે ઈન્ચાર્જ કલેક્ટર ચંદ્રકાંત પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો



મહીસાગર, જાહેર જનતાના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ થઈ શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેઓના મુખ્યમંત્રીકાળ દરમિયાન શરૂ કરાયેલ સ્વાગત કાર્યક્રમને ૨૦ વર્ષ થઈ ગયા છે. આ ૨૦ વર્ષમાં અસંખ્ય લોકોએ સ્વાગત કાર્યક્રમ થકી પોતાની મુશ્કેલીઓનું સ્થાનિક કક્ષાએથી જ નિરાકરણ મેળવ્યું છે.

આજરોજ મહીસાગર જીલ્લાના કલેક્ટર કચેરી મિટિંગ હોલ ખાતે ખાતે ઈન્ચાર્જ કલેક્ટર ચંદ્રકાંત પટેલના અધ્યક્ષ સ્થાને જીલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં આજરોજ કુલ ૧૪ જેટલી અરજીઓનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે. આ તમામ પ્રશ્નોનું સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

આ તમામ ફરીયાદોના અરજદારઓને સંબધિત વિભાગના અધિકારીઓની હાજરીમાં જીલ્લા ઈન્ચાર્જ કલેક્ટર દ્વારા સાંભળવામાં આવી હતી અને હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેક્ટર ,અરજદારો સહિત તમામ જીલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કડાણા પંચાયતના સરપંચે નાણાં ઉપાડ્યાના ૬ મહિના બાદ કામ શરૂ કરતા ચર્ચાનો માહોલ

કડાણા, કડાણા ગ્રામ પંચાયતમાં જોવા મળી છે જેમાં પંચાયતના સરપંચે નાણાં ઉપાડયાના ૬ મહિના પછી યોજનાનુ કામ કરતા ગામમાં ચર્ચાનો માહોલ જોવા મળ્યો છે.

કડાણા ગામે બાહમણ ફળિયામાં સરકારની ૧૫માં નાણાંપંચ યોજનામાં રૂ.૫૦ હજારના બોર મોટરનુ કામ મંજુર થયુ હતુ. જેમાં કડાણા સરપંચ અને તેના સાગરિતોએ ગત નવે-૨૦૨૨માં રૂ.૪૮,૨૪૨ કામ કર્યા વિના બારોબાર રવિ બોરવેલ એન્ડ મશીનરીના ખાતામાં જમાં કરવામાં આવ્યા હતા. જેની જાણ કડાણાના જાગૃત રહિશને થતાં જેની તપાસ કરતા બાહમણ ફળિયામાં બોર-મોટરનુ કામ થયેલ નથી. જ્યારે ગ્રામ પંચાયતના ખાતામાંથી ૬ મહિના પહેલા સરપંચે પૈસા ઉપાડી લીધેલ હોવાનુ સ્પષ્ટ જણાતા કડાણા વિસ્તારમાં ચર્ચાનો વિષય બનવા પામેલ હતો.કડાણા સરપંચ ઉપર દબાણ વધતા નાછુટકે ૧૯મીએ સરપંચે તાબડતોડ બોરની ગાડી બોલાવી ફળિયામાં બોર કરી આપેલ છે કહેવાય છે કે, કંકાસમાં થયેલ કામમાં કંઈ ભલેવાર ન આવે તેમ રહિશોના જણાવ્યા પ્રમાણે ૨૦૦ ફુટ બોર કર્યા બાદ પણ પાણી આવેલ નથી જે અલગ બાબત છે. નોંધનીય છે કે, સ્થળ ચકાસણી કર્યા વિના બોર-મોટરના બિલના નાણાં મંજુર કરનાર કડાણા તાલુકા પંચાયતના અમલીકરણ અધિકારી સામે પણ અનેક સવાલો ઉભા થયેલ છે.

# ખાનપુરના ખાતુ ડામોરની મુવાડી ગામે જંગલમાં મહિલાને ગોળી મારનાર ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યા

લુણાવાડા, ખાનપુરના છાણી ખાતુ ડામોરની મુવાડી ગામે મહિલાને ગોળી વાગવાની ઘટના ૧૬ દિવસ પહેલા બની હતી. જેમાં મણીબેન રાવળ ગામ પાસે આવેલ જંગલમાં લાકડા વિણવા માટેગઈ હતી. તે સમયે ડુક્કર (ભુંડ)નો શિકાર કરવા માટે આવેલ ટોળકીએ ગોળી ચલાવતા મહિલાને ગોળી વાગતા કમમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ને જાણ કરતા ઘાયલ મહિલાને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી. મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેને લુણાવાડાની સરકારી હોસ્પિટલમાંથી ગોધરા રિફર કર્યા બાદ ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવી હતી. ત્યારે આ ઘટના સ્થળે એક મૃત ભુંડ મળી આવતા પોસ્ટમોર્ટમ દ્વારા ગોળી મારી હત્યા કરાઈ હોવાનુ જાણવા મળતા બાકોર પોલીસ દ્વારા આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. તે દરમિયાન તપાસ કરતા રમેશ બારીયા, સુરમા બારીયા તથા જુવાન બારીયા (તમામ રહે.નેસડા)ઘરેથી મળી આવતા પુછપરછ કરતા તમામે ગુનો કબુલ કરેલ અને વપરાયેલ હથિયાર કબ્જે લીધા હતા.

# મહિસાગરના તમામ તાલુકાના ટી.ડી.ઓ.ને મહિને પાંચ પંચાયતની તપાસ કરવાનો આદેશ

બાલાસિનોર, મહિસાગર જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ૬ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીએ દરેક ગ્રામ પંચાયતમાં આકસ્મિક મુલાકાત લેવા માટેનો હુકમ કરતા હડકંપ મચી જવા પામ્યો છે. જિલ્લાના બાલાસિનોર, વિરપુર, લુણાવાડા, સંતરામપુર, કડાણા, ખાનપુર તાલુકાના વિકાસ અધિકારીને સંદર્ભીને પરીપત્ર કર્યો છે જેમાં જણાવ્યુ છે કે, ગ્રામ પંચાયતમાં સરકારના પરીપત્રો, ઠરાવો અને ગાઈડલાઈનનો ચુસ્ત પણે પાલન થઈ નથી રહ્યુ તેમજ રજીસ્ટર, ફાઈલો, રેકર્ડ ગ્રામ પંચાયત લેવલે સુવ્યવસ્થિત નિભાવવા આવતુ ન હોવાનુ ગંભીર બાબત સામે આવ્યુ છે. જેથી ગ્રામ પંચાયત કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીએ ઓછામાં ઓછી એક મહિનામાં પાંચ ગ્રામ પંચાયતોની મુલાકાત લેવા માટે પરીપત્ર કરાયો હતો.

# નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં કોમન યોગા પ્રોટોકોલ તાલીમ શિબિર કાર્યક્રમમાં મહિસાગર વાસીઓને ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ

મહિસાગર, પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી ‘‘યોગ વિદ્યા’’ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્યસુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડા પ્રધાન દ્વારા સંયુકત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

જેના ભાગરૂપે ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના તા.૨૧/૦૬/૧૯ ના ઠરાવથી ‘‘ગુજરાત રાજય યોગ બોર્ડ’’ ની રચના કરવામાં આવેલ છે. યોગ બોર્ડનો હેતુ સમગ્ર ગુજરાતમાં યોગનો વ્યાપ વધે, લોકો યોગ કરતા થાય અને સમગ્ર ગુજરાતમાં યોગ અંગેનો માહોલ ઉભો થાય અને લોકો નિરોગી રહે અને રાજ્યના દરેક નાગરીકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ખુબ જ મોટા પ્રમાણમાં અને સફળ રીતે કરવાનું હોય, IDY કાઉન્ટ ડાઉનના ભાગરૂપે લોકોમાં યોગ અંગેની જાગૃતતા આવે અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જાણકારી મળે અને તે થકી લોકો યોગ સાથે જોડાય અને યોગ કરતા થાય તે માટે તા.૨૮-૦૫-૨૦૨૩ના રોજ સવારના ૦૬-૦૦ થી ૦૮-૦૦ કલાક દરમિયાન ઈન્દીરા મેદાન કોમન યોગા પ્રોટોકોલ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં તમામ મહિસાગર વાસીઓને ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ છે.

# મહીસાગર જીલ્લાના ઉમેદવારોને તાલીમ મળી રહે તે માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જીલ્લા રોજગાર કચેરી, મહીસાગર દ્વારા અરજી મંગાવવામાં આવી

મહિસાગર, આર્મી રીક્રુટીંગ ઓફીસ અમદાવાદ દ્વારા અમદાવાદ ખાતે લશ્કરી ભરતીમેળો યોજાનાર છે. આર્મી માં જોડાવવા માંગતા મહીસાગર જીલ્લાના ઉમેદવારોને તાલીમ મળી રહે તે માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જીલ્લા રોજગાર કચેરી, મહીસાગર દ્વારા અરજી મંગાવવામાં આવે છે.

આ તાલીમમાં વિના મુલ્યે રહેવા અને જમવાની સુવિધા રાખેલ છે. ૧૭.૫ થી ૨૦ વર્ષ સુધીની વય ધરાવતા અને ૧૦ મુ ધોરણ-૪૫ ટકાથી વધુ અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તેમજ ૧૬૮ સેમી કે તેથી વધુ ઊંચાઈ ધરાવતા (એસ.ટી માટે ૧૬૨ સે.મી કે તેથી વધુ) તેમજ ૫૦ કી.ગ્રા વજન અને ૭૭ થી ૮૨ સે.મી છાતી ધરાવતા અપરણિત પુરૂષ ઉમેદવારોને તા.૨૫/૦૫/૨૦૨૩થી ૦૩/૦૬/૨૦૨૩ સુધીમાં કચેરી સમય દરમિયાન પાસપોર્ટ ફોટા, એલ.સી, માર્કશીટ, જાતિનો દાખલો, ડોમિસાઈલ પ્રમાણપત્ર, બેંક પાસ બુક, આધાર કાર્ડ સાથે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

અરજી જીલ્લા રોજગાર કચેરી, મહીસાગર, કલેક્ટર કચેરી કંપાઉન્ડ, બીજો માળ, લુણાવાડા, જી. મહીસાગર ખાતે રૂબરૂ માં કરવાની રહેશે. વધુ માહિતી માટે હેલ્પ લાઈન નંબર ૬૩૫૭ ૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા રોજગાર અધિકારીની યાદીમાં જણાવેલ છે.

# પંચમહાલ જીલ્લા ગોધરા ખાતે આવેલ મજૂર અદાલત દ્વારા ફોરેસ્ટ વિભાગના બે કામદારોને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો આદેશ થતા વન વિભાગના કર્મીઓમાં આનંદ છવાયો

ગોધરા, પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલ મજૂર અદાલત દ્વારા જે તે સમયે પંચમહાલ જીલ્લા તરીકે ઓળખાતા લુણાવાડા મુકામે આવેલ રેન્જ ફોરેસ વિસ્તરણ વિભાગ માં રોજમદાર ચોકીદાર તરીકે તારીખ ૧/૨/૨૦૦૧ થી ફરજ બજાવતા મણિલાલ પુજાભાઈ વણકર ને જે તે સમય ના અધિકારીએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય તેમની લાંબા સમયની નોકરી માંથી પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરી વર્ષ ૨૦૧૫માં નોકરી માંથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ તેમજ એ જ વિભાગમાં તારીખ ૧/૧/૯૫ રોજમદાર ચોકીદાર તરીકે ફરજ બજાવતા રણછોડભાઈ તીતાભાઈ પગી ને તારીખ ૨૨/૮/૯૭ ના રોજ થી મજૂર કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી આઈડી એક ની કલમ ૨૫ એ અને ૨૫ એફ નો ભંગ કરી નોકરીમાંથી છૂટા કરી દીધા હતા. જે બાબતે કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ. ભોઈનો સંપર્ક કરેલ અને તેમને થયેલ અન્યાય બાબતે વિગતવાર રજૂઆતો કરતા જે તે સમયે જીલ્લાનું વિભાજન થતાં પંચમહાલ જીલ્લા માંથી મહિસાગર જીલ્લો અલગ કરવામાં આવતા આ કચેરીનો તમામ હવાલો મહીસાગર જીલ્લાને સુપ્રત કરવામાં આવેલ તે આધારિત ફેડરેશન દ્વારા કાયદાકીય રીતે ઔદ્યોગિક વિવાદ ધારા૧૯૪૭ ની કલમ ૧૦ (૧) હેઠળ આ કામદારોને પડેલા દિવસોના પૂરેપૂરા પગાર સહિત તેમની સળંગ નોકરી ગણી મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા માટે વિવાદ ઉપસ્થિત કરે જે વિવાદ નામદાર મજૂર અદાલત ગોધરા ખાતે રેફરન્સ કરવામાં આવતા આ કામે માલિક અને કામદાર તરીકે ના સંબંધો પ્રસ્થાપિત કરતા કેટલાક જરૂરી દસ્તાવેજો અદાલત સમક્ષ રજુ કરેલ અને એ બાબતે કાનૂની કાર્યવાહી હાથ ધરાતા અરજદાર તરફે ફેડરેશનના પેનલ એડવોકેટ શિતેષ એ. ભોઈ અને વૈભવ આઈ. ભોઈ એ સંયુક્ત દલીલો કરતા કેસમાં પડેલા પુરાવો આધારિત બંને પક્ષકારોની દલીલો ધ્યાને લઈ અરજદાર મણિલાલ પી વણકર તથા રણછોડ ટી. પગીને મજુર અદાલત ગોધરાના હાલના ન્યાયાધીશ હિતેશ કુમાર એ. મકા એ આ કામદારોને સંસ્થાએ મજૂર કાયદાની જોગવાઈઓનો ભંગ કરી નોકરી માંથી છૂટા કરેલા હોવાનું દસ્તાવેજો આધારિત પુરવાર થતાં આ કામદારોને તેઓને મૂળ જગ્યાએ લુણાવાડા જીલ્લો મહીસાગર મુકામે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો આદેશ ફરમાવતા કામદારો અને તેમના પરિવાર તથા બંને જીલ્લાઓના ફોરેસ્ટ વિભાગના કામદારોમાં આનંદની લાગણી છવાઈ છે.

# હાલોલ શાકમાર્કેટમાં આડેધડ ટ્રાફિકને અડચણરૂપ લારીઓ સામે કાર્યવાહી

હાલોલ, હાલોલ શહેરના નવા શાકભાજી માર્કેટ ખાતે રોડ રસ્તાની વચ્ચોવચ્ચ પણ કેટલાક લોકો દ્વારા શાકભાજીની અને ફ્રુટ સહિતની લારીઓ તેમજ પથારાઓ ગોઠવી દબાણ કરી ટ્રાફિકજામની પરિસ્થિતિ ઉત્પન્ન કરવામાં આવે છે. જ્યારે કેબિનો અને દુકાનોની આગળ માલ સામાન બહાર કાઢી દબાણો કરાય છે. જેને લઈ શાકમાર્કેટમાં અવર જવર કરતા લોકો સહિત ખરીદી કરવા આવતી ગૃહિણીઓને છુટછાટથી ચાલવામાં પણ તકલીફ પડતી હોય છે. તથા રસ્તાની વચ્ચે તેમજ રોડની સાઈડ ઉપર આડેધડ પાર્કિંગ કરી કલાકો સુધી ટ્રાફિકજામ સહિતની અનેક સમસ્યાઓ વર્ષોથી ઉત્પન્ન થઈ રહી છે. તેવા સંજોગોમાં હાલોલ ટાઉન પોલીસ મથકના પીઆઈ કેતન ચૌધરીએ છેલ્લા ત્રણ દિવસથી આ વિસ્તારોમાં ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત રસ્તાઓની વચ્ચે લારી તેમજ પથારા કરતા તેમજ દુકાનો અને કેબિનોની બહાર માલસામાન મુકી રસ્તા પર અવરોધ અને અડચણ ઉભી કરતા લોકો સામે ટાઉન પોલીસે દંડનીય તેમજ કાયદાકિય કાર્યવાહી કરી ૨૮૩ની કલમ મુજબ ફરિયાદ નોંધી કાર્યવાહી કરી છે. તથા રોડની વચ્ચોવચ તેમજ સાઈડોમાં આડેધડ વાહનો પાર્કિંગ કરી ટ્રાફિકના નિયમોનુ ઉલ્લંઘન કરતા તત્વો સામે પણ કાયદાકિય તેમજ દંડનીય કાર્યવાહી કરી છે. જયારે હાલોલ નગરના શાકમાર્કેટ ખાતે પોલીસે રોડની વચ્ચોવચ ઉભી રહેતી લારીઓ પથારા અને વાહનો હટાવી શાકભાજીની ખરીદી કરવા આવતી ગૃહિણીઓ સહિત અન્ય લોકો માટે રોડ રસ્તા પર ચાલવા લાયક ખુલ્લા થતાં સહું કોઈએ પોલીસની કામગીરીને બિરદાવી હતી.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી રહેશે. ધંધા અને રોકાણના મામલે આજે ભાગ્ય તમને સાથ આપશે. વિશેષ લોકોને મળવાથી આનંદ થશે. તમને મુસાફરી અને મનોરંજનનો આનંદ પણ મળશે. જો તમે વ્યવસ્થિત રીતે રોજિંદા અને ખાવા-ખાવાનો સંપૂર્ણ કાર્યક્રમ બનાવશો તો તમને ફાયદો થશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે વિશેષ સાવચેતીનો દિવસ રહેશે અને તમારે તમારા ખાવા પીવાની ખાસ કાળજી લેવાની જરૂર છે. બાહ્ય ખોરાક અને પીણાને ટાળવું વધુ સારું રહેશે. ઓફિસમાં તમારા વિરોધીઓ તમારી સામે કંઈક ખોટું કરી શકે છે.

મિથુન : આજનો દિવસ તમારા માટે વિશેષ રહેશે. થોડી મહેનતથી તમને વિશેષ પ્રકારની સફળતા મળશે. તમારા સારા વર્તનથી નવા મિત્રો બનશે અને નવા પ્રોજેક્ટ્સ પર કામ પણ શરૂ થશે. જીવનસાથી અને બાળકો સાથે સમય પસાર કરવામાં આજે પરિવારજનો ખુશ રહેશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે દરેક દ્રષ્ટિથી શુભ છે અને આજે પ્રેમ અને લગ્ન જીવનમાં આનંદનો એક અલગ પ્રકારનો સમય રહેશે. જીવનસાથી સાથે આજે તમે બહાર જવાનો કાર્યક્રમ બનાવી શકશો. આજે તમારો પરિવાર દિવસભર ઉત્સાહિત રહેશે.

સિંહ : દરેક કિસ્સામાં દિવસની શરૂઆત થોડી ધીમી રહેશે. ખૂબ પ્રયત્નો કર્યા પછી જ કોઈ પણ સંજોગોમાં સારા પરિણામ પ્રાપ્ત થશે. જો આપણે શિક્ષણમાં ધ્યાન આપીશો તો વિદ્યાર્થીઓને લાભ થશે. તમને સંપત્તિનો લાભ પણ મળશે.

કન્યા : આજે દરેક બાબતમાં ખાસ તકેદારી રાખશો અને આસપાસના લોકો સાથે દલીલોમાં ન ઉતરવું. આજે તમને કોઈ શુભ કાર્યમાં જવાની તક મળશે. અન્યની સહાયથી હૃદય પ્રસન્ન થશે. આજે તમારું કોઈ પણ અટકાયેલું કામ પણ શરૂ થઈ શકે છે.

તુલા : આજનો દિવસ સામાન્ય છે. આજે તમારો દિવસ સારો રહેશે. પ્રામાણિકપણે બાંધેલા સંબંધો લાંબા સમય સુધી ચાલશે. આજે કેટલાક લોકોનું નસીબ ચમકી શકે છે. પરિવારના કિસ્સામાં, આજે તમારી કોઈની સાથે દલીલ થઈ શકે છે.

વૃશ્ચિક : તમારા માટે આજનો દિવસ સારો છે. જેઓ રાજકારણ સાથે સંકળાયેલા છે તેઓને આજે વિશેષ સફળતા મળશે. કોઈ અનુભવી વ્યક્તિનો અનુભવ તમને લાભ આપી શકે છે. પરંતુ આ કિસ્સામાં તમારે પૈસા ખર્ચ કરવા પડશે. વિદ્યાર્થીઓના જીવનની દિશા નવો વળાંક લેશે.

ધન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને તમે સખત મહેનત કર્યા પછી જ કોઈ પરિણામ પર પહોંચી શકશો. જીવનસાથી સાથેનો સાંજનો વિશેષ કાર્યક્રમ સફળ રહેશે. તમારી વચ્ચે પરસ્પર સમજણ વધશે અને તમારા સંબંધોમાં પણ સુધારો થશે.

મકર : આજનો દિવસ તમારા માટે ખુશીનો દિવસ છે. આજે તમને લાભની વારંવાર તક મળશે. આ દિવસે તમારા મિત્રો અને સંબંધીઓ પૈસા ખર્ચ કરી શકે છે . તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે. દરેક તમારી સાથે ખુશ રહેશે. આજે વિદ્યાર્થીઓ શિક્ષણમાં રસ લેશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે દરેક બાબતમાં ખૂબ જ સક્રિય રહેશો. આજે પૈસાની તમામ પ્રકારની સમસ્યાઓ હલ થશે. સ્વાસ્થ્ય સમસ્યાઓનું સમાધાન પણ થશે. આજે કોઈ વિશેષ વ્યક્તિ સાથે પરિચિત થઈને તમને વ્યવસાયમાં લાભ થઈ શકે છે.

મીન : આજે નાના ઝઘડાઓ તમારા ઘરના પરિવાર અથવા ઓફિસમાં તમારું માથું ઉંચુ કરી શકે છે. બધી બાબતો તમારી સમજણથી જલ્દીથી ઉકેલાશે. આજે તમારે વધતા જતા ખર્ચ પર સંયમ રાખવાની જરૂર છે. આજે તમે વધુ મહેનત કરશો અને તમારા વ્યવહારમાં સુધારો કરી શકશો ત્યારબાદ તમને લાભ થશે. વરિષ્ઠ સભ્યો અને વૃદ્ધોને કોઈ કારણોસર ચિંતા થઈ શકે છે.

# આગામી તા.૨૯ અને ૩૦ મે દરમિયાન ગોધરા(મહિલા) આઈ.ટી.આઈ ખાતે સ્કીલ વર્કશોપ યોજાશે

ગોધરા, પંચમહાલ-ગોધરા જીલ્લાના ધો.૮ કે તેથી વધુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સ્કીલ ડેવલોપ થાય તે હેતુથી ગોધરા (મહિલા) આઈ.ટી.આઈ.ખાતે સમર સ્કીલ વર્કશોપનું આયોજન કરાયું છે. ગોધરા (મહિલા) આઈ.ટી.આઈ દ્વારા ઉનાળુ વેકેશનના આ સમયગાળા દરમ્યાન શાળાના ધો. ૮ કે તેનાથી વધુ અભ્યાસ કરતા ગોધરા-પંચમહાલ જીલ્લાના વિદ્યાર્થીઓ માટે સમર સ્કીલ વર્કશોપનું તા.૨૯/૦૫/૨૦૨૩ અને તા. ૩૦/૦૫/૨૦૨૩ના રોજ આયોજન કરાયું.છે. આ સમર કેમ્પમાં અલગ-અલગ પ્રકારની ૧૫-જેટલી પ્રવૃતિઓનો સમાવેશ કરાયો છે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે, વર્કશોપમાં કોમ્પ્યુટર,ગારમેન્ટ, બ્યુટીપાર્લર વગેરે જેવા અલગ -અલગ ક્ષેત્રની વિવિધ પ્રવૃતિઓની વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવશે તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કાલોલ ખાતે આગામી ૧ અને ૨ જૂન દરમિયાન સમરસ્કિલ વર્કશોપ યોજાશે

ગોધરા, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ ગાંધીનગરના નિયંત્રણ હેઠળ આવેલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા કાલોલ ખાતે ઉનાળુ વેકેશનના સમયગાળા દરમિયાનના શાળાના ધોરણ ૮ કે તેનાથી વધુ અભ્યાસ કરતા તથા ૧૪ વર્ષથી ઉપરની વયના વિદ્યાર્થીઓને વેકેશન તાલીમ અંતર્ગત તા.૦૧.૦૬.૨૦૨૩ થી તા. ૦૨.૦૬.૨૦૨૩ દરમિયાન ૧૦ કલાકના સમરસ્કિલવર્કશોપનુંઆયોજનકરાશે. જેઅંતર્ગતઈલેકટ્રીકલ, કોમ્પ્યુટર, મિકેનીકલ, ઓટોમોબાઈલ, વેલ્ડર તથા ગારમેન્ટ જેવા સેક્ટરોની તાલીમ આપવાનુ આયોજન કરાશે. સમર સ્કિલ વર્કશોપમાં પ્રવેશ ઈચ્છુક તાલીમાર્થીઓએ માર્ગદર્શન અને ઓનલાઈન ફોર્મ ભરવા સંસ્થાના સમય દરમિયાન જરૂરી આધાર પુરાવા સાથે સમ્પર્ક કરવા આચાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કાલોલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# દાહોદ પાલિકા સામાન્ય સભામાં વેપારીઓના હિતમાં પાલિકાના દુકાનદારોને રીએલોટમેન્ટ કરવા સર્વાનુમત્તે બહાલી અપાઈ

દાહોદ, દાહોદ નગરપાલિકાની આજરોજ પાલિકા સભા ખંડ ખાતે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સામાન્ય સભામાં સૌ કોઈની ખાસ નજર વેપારીઓની વૈકલ્પિક વ્યવસ્થાઓ પર હતી અને પાલિકાએ વેપારીઓના હિતને ધ્યાનમાં રાખી નવેસરથી સરકારી ધારા ધોરણ મુજબ ભાડા કરારથી દુકાનો ફાળવવા બાબતે તથા ફા.પ્લોટ નં.૧૮ અને ફા. પ્લોટ નં. ૮૬ માં બનેલ નગરપાલિક માલિકીના શોપીંગ સેન્ટરમાં નગરપાલિકાના ભાડુઆતો (દુકાનદારો) ને રી. એલોટમેન્ટ કરવા બાબતના એજન્ડાને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત ૧૧ જેટલા એજન્ડાને પણ સર્વાનુમતિ બહારી મળી હતી.

એક તરફ સ્માર્ટ સીટી અંતર્ગત શહેરમાં ગેરકાયદેસર દબાણો તોડી પાડવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે અગાઉ થોડા દિવસો પહેલો પાલિકા તંત્ર દ્વારા સામાન્ય સભા મોકુફ રાખવામાં આવી પરંતુ કોઈક કારણોસર તે સામાન્ય સભા મોકુફ રાખવામાં આવી હતી. ત્યારે આજરોજ પાલિકાના સભા ખંડ ખાતે સામાન્ય સભા મળી હતી. આ સામાન્ય સભામાં વેપારીઓના હિતને ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. સ્માર્ટ સીટી પ્રોજેકટ હેઠળ રોડ અપગ્રેડેશનના કામમાં નગરપાલિકાના શોપિંગ સેન્ટરમાં ભાડુઆતોની દુકાનો દુર કરવાની થતી હોઈ સદર દુકાનોને આગામી સમયમાં આયોજન કર્યા બાદ નવેસરથી સરકારી ધારા ધોરણ મુજબ ભાડા કરારથી દુકાનો ફાળવવા બાબત તથા ફા. પ્લોટ નં.૧૮ અને ફા. પ્લોટ નં. ૮૬માં બનેલ નગરપાલિકા માલિકીના શોપિંગ સેન્ટરમાં નગરપાલિકાના ભાડુઆતો (દુકાનદારો) ને રી. એલોટમેન્ટ કરવા બાબતનું કામ માટે સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલાઓને ગ્રેજ્યુએટી ચુકવવા, સીસી રોડ તથા પેવર બ્લોકની કામગીરીનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ, ગ્રાન્ટ માંથી વિકાસના કામો કરવા બાબત, એલઈડી સ્ટ્રીટ લાઈટના ટેન્ડરની મુદતમાં વધારો કરવા બાબત વિગેરે જેવા એજન્ડાઓને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

# ઘોઘંબાના રાણીપુરા ગામે ઝેરી જનાવર કરડી જતાં ૫ વર્ષીય બાળકીનું મોત

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રાણીપુરા ગામે ૫ વર્ષીય બાળકીને ઝેરી જનાવર કરડી જતાં મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના રાણીપુરા ગામે મામાના ઘરે આવેલ રજનીકાબેન મુકેશભાઈ ભુરીયા ઉ.વ.૫ (રહે. પરીયા, ડુમેલાવ, ગરબાડા)ને જમણા પગે ઝેરી જનાવર સાપ કરડી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે દામાવાવ પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા બી ડીવીઝન પોલીસ ફરક આંકનો જુગાર રમતા ૩ ઈસમોને ઝડપ્યા

ગોધરા, ગોધરા બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં જાહેરમાં ફરક આંકના જુગાર સ્થળે પોલીસે રેઈડ કરી ત્રણ ઈસમોને ૨૯,૦૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં જાહેરમાં વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમી રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન હનીફખાન અહેમદખાન પઠાણ, આરીફખાન હનિફભાઈ પઠાણ (રહે. જુની પોસ્ટ), અલ્તાફ ગફ્ફાર હશન મિસ્ત્રીને મોબાઈલ ફોન નંગ-૪ રોકડા ૧૭,૦૮૦/-રૂપીયા મળી કુલ ૨૯,૦૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.



તા.૨૪/૦૫/૨૦૨૩ નારોજ બિરસા આદિવાસી સમાજ ભવન દાહોદ ખાતે બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટ-દાહોદ અને Inox Wind કંપનીના નેજા હેઠળ તેમજ બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી, વી.એમ. પારગીના ઉત્તમ પ્રયાસો થી Inox Wind કંપનીનું વોક ઈન ઈન્ટરવ્યું રાખવામાં આવેલ હતું.

# દાહોદ ગોદી રોડ વસુંધરા પાર્કમાંથી બાઈકની ચોરી

દાહોદ, દાહોદ ગોદીરોડ વસુંધરા પાર્ક સોસા. રહેતા એક શિક્ષકની તેના ઘરના આંગણમાં પાર્ક કરેલ બજાજ પલ્સર મો.સાયકલ ચોરાયાનં જાણવા મળ્યું છે. દાહોદ ગોદીરોડ સ્થિત વસુંધરા પાર્ક સોસાયટીમાં ગત તા. ૨૧.૫.૨૦૨૩ ના રોજ રાતના સમયે બાઈક ચોર ટોળકી ત્રાટકી હતી. પોતાના કસબ અજમાવી વસુંધરા રપાર્ક સોસાસાયટીમાં રહેતા અને વ્યવસાયે શિક્ષક એવા સમીરકુમાર નારાયણભાઈ ચૌધરીની તેમના ઘરની આગળ લોક મારી પાર્ક કરેલ રૂા.૪૦ હજારની કિમતની જીજે.૨૦.એકે.૨૮૨૩ નંબરની બજાજ પલ્સર મોટર સાઈકલનું લોક તોડી બજાજ કંપનીની પલ્સર મો.સાયકલ લોકતોડી મો.સાયકલ ચોરને લઈ ગયા હતા. આ સંબંધે દાહોદ ગોદીરોડના સમીરકુમાર નારાયણભાઈ ચૌધરીએ નોંધાવેલી ફરિયાદને આધારે દાહોદ બી ડીવીઝન પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


### નિમ્નસ્તર ની હેટ્રિક

## દાહોદ જીલ્લાનુ ધોરણ ૧૦ નુ રાજ્યમાં સૌથી નીચુ ફક્ત ૪૦.૭૫ % પરિણામ, સતત ત્રીજા વર્ષે જીલ્લો ગુજરાતમાં તળિયે

દાહોદ,

દાહોદ જીલ્લાનું સતત ત્રીજા વર્ષે ધોરણ ૧૦ નું પરિણામ સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી નીચું આવ્યુ છે. આ વર્ષે દાહોદ જીલ્લાનું પરિણામ માત્ર ૪૦.૭૫ ટકા જ આવતા ઘણા પ્રશ્નાર્થ સર્જાયા છે.

થોડા દિવસો પહેલાં ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહનું પરિણામ જાહેર થયું હતું.જેમાં દાહોદ જીલ્લાનું સૌથી ઓછુ પરિણામ ગુજરાતમાંથી જાહેર થવા પામ્યું હતું. તેમા પણ સતત બે વર્ષ દાહોદ જીલ્લો રાજ્યમા છેલ્લા ક્રમે રહ્યો હતો.ત્યારે આજરોજ ધોરણ ૧૦ નું પરિણામ પણ જાહેર થતાં સતત ત્રીજા વર્ષે ધોરણ ૧૦નુ પરિણામ ગુજરાત ભરમાંથી સૌથી નીચું રહેવા પામ્યું છે. દાહોદ જીલ્લાનું આ વર્ષનું માત્ર ૪૦.૭૫ ટકા પરિણામ આવ્યું છે.ત્યારે ૨૦૨૦માંમાં ૪૭.૪૭ ટકા, ૨૦૨૨માં ૫૮.૪૮ટકા પરિણામ આવ્યું હતું.

દાહોદ જીલ્લામાં કુલ ૩૧૬૯૦ વિદ્યાર્થીઓ નોંધાયાં હતાં જેમાંથી ૩૦૬૯૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ૧૮ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો હતો જ્યારે એ ટુ ગ્રેડમાં ૨૫૭, બી વન ગ્રેડમાં ૮૯૦, બી ટુ ગ્રેડમાં ૨૬૮૧, સી વન ગ્રેડમાં ૪૯૩૧, સી ટુ ગ્રેડમાં ૩૫૨૮ ડી ગ્રેડમાં ૨૦૨ ઈ વન ગ્રેડમાં ૯૮૫૩ અને ઈ ટુ ગ્રેડમાં ૮૩૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

પરીક્ષા કેન્દ્રો પ્રમાણે વાત કરીએ તો દાહોદ કેન્દ્રનું ૬૨.૩૪, દેવગઢ બારીઆ કેન્દ્રનું ૨૭.૩૩, ઝાલોદ કેન્દ્રનું ૨૧.૬૧ પીપલોદ કેન્દ્રનું ૩૯.૩૭, ગરબાડા કેન્દ્રનું ૫૬.૪૧, ફતેપુરા કેન્દ્રનું ૪૪.૩૪ લીમખેડા કેન્દ્રનું ૨૭.૧૮, કંજેટા કેન્દ્રનું ૩૪.૨૩, જેસાવાડા કેન્દ્રનું ૪૧.૬૭ રાછરડાનું ૪૧.૬૭ સાગટાળાનું ૪૨.૦૨ , લીમડીનું ૩૮.૨૩ સુખસરનું ૪૩.૨૧, ગાંગરડીનું ૭૫.૬૫, દુધીયાનું ૪૧ ઢઢેલાનું ૩૨.૭૧, કતવારાનું ૪૪.૮૪, ઉકરડીનું ૪૫.૦૭, અભલોડનું ૬૧.૬૭ દાહોદ-૨નું ૧૮.૧૮, કારઠનું ૨૩.૩૩, કુવાનું ૫૦.૧૦, રૂવાબારી મુવાડાનું ૨૦.૨૭ બાંડીબારનું ૬૪.૮૯, દેલસરનું ૮૦.૧૨, નગરાળાનું ૬૭.૨૪, જાલતનું ૭૪.૧૧ મીરાખેડીનું ૫૬.૧૩ અને વેડનું ૪૫.૩૩ ટકા પરિણામ આવ્યું હતું.

## ધોરણ ૧૦ માં ઝાલોદ કેન્દ્રનું પરિણામ ૨૧.૬૧% ૩૩૫૫ વિદ્યાર્થીઓ પૈકી ૩૨૪૪ વિદ્યાર્થીઓએ આપી હતી પરીક્ષા તે પૈકી ૭૦૧ વિદ્યાર્થીઓ પાસ

દાહોદ,

ગુજરાતમાં ધોરણ ૧૦માં જાહેર થયેલ પરિણામ મુજબ ગુજરાત બોર્ડનું પરિણામ ૬૪.૬૨% આવેલ છે. ધોરણ ૧૦માં ઝાલોદ કેન્દ્રના પરિણામ પર નજર કરીએ તો શિક્ષણના સ્તરને શરમાવે તેવા આવેલ છે. ઝાલોદ કેન્દ્રનું પરિણામ ૨૧.૬૧% આવેલ છે. જે ગત વર્ષની સરખામણીમાં નીચું આવેલ છે. ઝાલોદ કેન્દ્ર માંથી કુલ ૩૩૫૫ વિદ્યાર્થીઓ માંથી ૩૨૪૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તે પૈકી ફક્ત ૭૦૧ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે.

ઝાલોદ કેન્દ્રમાં વિદ્યાર્થીઓનું પરિણામ ઓછું આવતા ભણતરને લઈ અનેક સવાલો ઉદ્ભવી રહેલ છે. આ પરિણામો થી ઝાલોદ કેન્દ્રની શાળાઓની પોલ ખુલી ગઈ હોય તેમ લાગી રહ્યું છે. આટલા નિમ્નકક્ષાના પરિણામને લઈ શાળાઓના ભણતર પર પણ સવાલો ઉભા થઈ રહેલ છે. દરેક વર્ષે ઝાલોદ કેન્દ્રનું પરિણામ લથડતું જઈ રહેલ છે. શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીઓમાં સમન્વય નથી કે શું ...? , વિદ્યાર્થીઓ જાતે પણ ભણતરમાં ઉત્સાહ નથી બતાવતા કે શું...? આવા ભણતર થી તો વિદ્યાર્થીઓનું ભાવિ પણ અંધકારમય લાગે છે. ઝાલોદ કેન્દ્રમાં આવેલ શાળાઓ દ્વારા બાળકોની ચિંતા કરી બાળકોમાં ક્યાં કમી છે, તેના સેમિનાર યોજી બાળકોને નવી રાહ દેખાડવી જોઈએ તેમજ ઝાલોદ કેન્દ્રમાં આવતી શાળાઓ બાળકોના શિક્ષણને લઈ સજાગ બની બાળકોને માર્ગદર્શન પૂરૂં પાડી બાળકોનું ભણતર સુધારે તેનાં પર ધ્યાન આપવું જોઈએ.

## ગરબાડામાં ફરસાણની દુકાનો તેમજ જ્યુસની હાટડીઓ પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા



દાહોદ,

પ્રાપ્ત માહિતી અનુસાર ફુડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારી વી.ડી. રાણાના માર્ગદર્શન હેઠળ ગરબાડા નગરમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આજે ઓચિંતું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા જ્યુસની તેમજ ફરસાણની ૧૦ દુકાનો ઉપર ફુટ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા પી.પી. સી કરીને તેલના તેમજ માવાની ગુણવત્તા ચકાસવામાં આવી હતી હાલ ઉનાળાની સિઝન ચાલી રહી છે અને દુકાનદારો તગડો નફો રળી લેવા માટે ભેળસેલ યુક્ત પદાર્થો મેળવીને લોકોના સ્વાસથ સાથે છેડા કરતાં હોય છે. જેને લઈને આજે ફુડ વિભાગ દ્વારા ગરબાડા નગરમાં જુદી જુદી ફરસાણની દુકાનો તેમજ જ્યુસની હાટડીયો ઉપર સર્વે કર્યો હતો અને જયુસ તેમજ ખાદ્ય પદાર્થોના પી.પી.સી કરીને તેલ તેમજ માવાની ગુણવત્તા ચકાસવામાં આવી હતી. ગરબાડા નગરમાં ફુડ વિભાગના ધરોડા પડતા ભેળસેળ યુક્ત પદાર્થો વેચતા વેપારીઓમાં ગભરાટ નો માહોલ જોવા મળ્યો હતો.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ દ્વારા અલગ અલગ ૧૧ પ્રકારની એક્ટીવીટીમાં ૩૦૦ વિદ્યાર્થીઓને તાલીમનું આયોજન

દાહોદ,

ગુજરાત રાજ્યમાં શાળાઓમાં શૈક્ષણિક સત્ર પૂરૂં થતા વિદ્યાર્થીઓ માટે ઉનાળુ વેકેશન સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. ઉનાળુ વેકેશનના સમયગાળા દરમ્યાન શાળાના ધોરણ ૮ કે તેથી વધુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વોકેશનલ તાલીમ પ્રત્યે જાગૃતતા વધારવા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે સમર સ્કીલ વર્કશોપ ટ્રેનીંગનું આયોજન કરાયું છે.

જે અંતર્ગત ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ દ્વારા અલગ અલગ ૧૧ પ્રકારની એક્ટીવીટીમાં ૩૦૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ તાલીમ સંસ્થામાં દરરોજના ૨ કલાક ૦૫ દિવસ/૨.૫ કલાક ૪ દિવસ/૫ કલાક ૦૨ દિવસની એક્ટીવીટી ૧ બેચમાં ૨૦ તાલીમાર્થીઓ મુજબ તાલીમ આપવામાં આવશે. જેમાં જે તે સ્કીલની જીજ્ઞાસા/કુતૂહલ વિદ્યાર્થીઓમાં વધે અને વોકેશનલ તાલીમ બાબતે તેઓમાં અભિરૂચિ વધે તે મુજબ તાલીમ આપવાનું આયોજન છે. જેમાં દાહોદ જીલ્લાના ધોરણ ૮, ધોરણ ૯, ધોરણ ૧૦ કે તેથી ઉપરના વિદ્યાર્થીઓને આ સંસ્થા ખાતેની વિના મુલ્યે ૨ દિવસની તાલીમમાં જોડાવવા માટે ઉમદા તક છે. આ અંગે વેહલા તે પેહલા ધોરણે આઈ.ટી.આઈ.નો સંપર્ક કરી તા.૨૫/૦૫/૨૦૨૩ થી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

## માનવ કલ્યાણ યોજનાનો લાભ લઈ દાહોદનાં વિજયભાઇ આર્થિક રીતે સક્ષમ બન્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સરકારની માનવ કલ્યાણ યોજનાનો લાભ લઈને અનેક ગરીબ યુવાનો સ્વર્નિભર બની રહ્યાં છે. દાહોદનાં સુખદેવકાકા કોલોની ખાતે રહેતા પીઠાયા વિજયભાઇ ઈલેક્ટ્રિક એપ્લાયન્સીસ રીપેરીંગનું કામ જાણતા હતા પરંતુ સાધનોના અભાવને કારણે તેઓ યોગ્ય કામ મેળવી શકતા નહોતા. તેમણે જીલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સાધન સહાય માટે માનવ કલ્યાણ યોજના અંતર્ગત અરજી કરતા તેમને સાધન સહાય મળી હતી અને તેઓ પોતાનું ગુજરાન ચલાવવા સક્ષમ બન્યા છે. તેઓ જણાવે છે કે, અત્યારે હું દરરોજ રૂ.૭૦૦ થી રૂ.૧૦૦૦ કમાઈ રહ્યો છું. સરકારે મને સાધન સહાય આપી તે બદલ તેમનો આભાર માનું છું.

## ઝાલોદ એસ.ટી ડેપોને ત્રણ નવીન બસ ફાળવાઈ : ધારાસભ્ય મહેશ ભૂરિયાના દ્વારા બસને લીલી ઝંડી આપવામાં આવી



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ગુજરાત સરકાર દ્વારા ઝાલોદ ડેપોને નવિન ત્રણ બસની ફાળવણી કરવામાં આવી હતી. આ ત્રણે બસ ઝાલોદ થી વલસાડ, ગાંધીનગર અને ઝાલોદ દાહોદ લોકલ રૂટ માટે મિની બસ ચાલુ કરવામાં આવેલ છે. ઝાલોદ ભાજપના ધારાસભ્ય મહેશ ભૂરિયાના હસ્તે આજ રોજ તારીખ ૨૫-૦૫-૨૦૨૩ ગુરૂવારના રોજ સવારે ૯ વાગે મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા ત્રણે બસોની પૂજા કરી નાળિયેર વધેરી બસને લીલી ઝંડી આપી જાહેર જનતા માટે આ બસ પ્રસ્થાન કરાવી હતી. ધારાસભ્ય મહેશ ભૂરિયાએ ત્રણે બસના ડ્રાઈવર કંડક્ટરને માતાજીની ચૂંદડી, નારિયેળ તેમજ શગુન આપી સહુ મુસાફરોની સલામત રીતે બસ ચલાવવા તેમજ સહુ મુસાફરો મંગલમય મુસાફરી કરે તેવી શુભકામનાઓ આપી હતી. ત્યાર બાદ ધારાસભ્ય મહેશ ભૂરિયાએ લીમડી બસ સ્ટેશનનું નિરીક્ષણ કરી જરૂરી સુધારા વધારા કરવા અંગે ડેપો મેનેજરને માર્ગદર્શન આપ્યું હતું. આ ત્રણે નવીન બસના ઉદઘાટન પ્રસંગે લીમડી બસ સ્ટેશન ખાતે ભાજપના ધારાસભ્ય મહેશ ભૂરિયા, મિલન માર, દિનેશ નિનામા, સુનિલ નિનામાં,પંકજ કર્ણાવટ, લાલાભાઈ પટેલ, મુકેશ ખાંગુડા, સુનિલ કર્ણાવટ, સંજય ચૌહાણ તેમજ ભાજપના કાર્યકર્તાઓ હાજર રહેલ હતા. ઝાલોદ ડેપો મેનેજર મુનિયા તેમજ, લીમડી બસ સ્ટેશનનો સ્ટાફ તેમજ ઝાલોદ બસ સ્ટેન્ડના સ્ટાફ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા લીમખેડા ખાતે આગામી તા. ૨૯ અને તા. ૩૦ મે ના રોજ સમર સ્કીલ વર્કશોપનું આયોજન

દાહોદ,

ઔદ્યોગિક તાલીમ સંસ્થા લીમખેડા ખાતે આગામી તા. ૨૯ અને તા. ૩૦ મેના રોજ સમર સ્કીલ વર્કશોપનું આયોજન કરાયુંછે. જેમાં ઈલેક્ટ્રીકલ ગ્રુપ, મીકેનીકલ ગ્રુપ, કોમ્પ્યુટર ગ્રુપ, ઓટોમોબાઈલ ગ્રુપ, પ્લમ્બર ગ્રુપ, કાર્પેન્ટર ગ્રુપ અને ગારમેન્ટ ગ્રુપના વ્યવસાયોમાં જરૂરી એવી પાયાની સ્કીલ શીખવવામાં આવશે. જેથી ઔદ્યોગિક કૌશલ્ય કેળવવા માંગતા અને તેમા કારકિર્દી બનાવવા માંગતા ધોરણ ૮ થી ૧૦ તેમજ ૧૪ વર્ષથી ઉપરની ઉંમરના કોઈ પણ વિદ્યાર્થીઓ, યુવાનોમાં વોકેશનલ તાલીમ અને હાઉસહોલ્ડ એક્ટીવીટીમાં અભિરૂચી અને ઉત્સાહ જળવાઈ રહે તે માટે વિદ્યાર્થીઓનું http://empower. gujarat. gov.in પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ચાલુ કરવામાં આવ્યું છે. વધુમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લીમખેડાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. સમર સ્કીલ વર્કશોપનો લાભ લેનારા વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવશે તેમ આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લીમખેડાએ એક યાદીમાં જણાવ્યું છે.

## કડાણા થી દાહોદ જતી પાણી લાઈનમાં બારીયાની હથોડ ગામે ભંગાણ થતા પાણીનો કકળાટ



દાહોદ,

કડાણાથી દાહોદ જતી પાણીની પાઈપ લાઈનમાં દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના બારીયાની હથોડ ગામે ભંગાણ સર્જાતા ભર ઉનાળે દાહોદ જીલ્લાવાસીઓને પાણીના કકડાળનો વધુ સામનો કરવો પડી શકે છે. આ પાણીની પાઈપ લાઈનમાં ભંગાણને કારણે લાખ્ખો લીટર પાણીનો વેડફોટ થઈ રહ્યો છે. સંલગ્ન તંત્ર દ્વારા આ મામલે હાલ સુધી કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી. જેથી ભરઉનાળે પાણી માટે વલખા મારતાં દાહોદ જીલ્લાવાસીઓને પાણી માટે વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

જયાં જુઓ ત્યાં ભરઉનાળે પાણીનો કકળાટ જોવા મળી રહ્યો છે. સરકારની નળ સે જળ યોજના પણ ફારસરૂપ સાબીત થઈ રહી છે. સરકારની આ યોજના માત્ર કાગળ પર હોવાની છડેચોક બુમો ઉઠવા પામી છે. નળ સે જળ યોજનાની કામગીરીમાં પણ મોટા પ્રમાણમાં કરોડોનો ભ્રષ્ટાચાર આચવવામાં આવ્યાં હોવાના આક્ષેપો થઈ રહ્યાં છે. શહેરી વિસ્તારોથી લઈ ગ્રામીણ વિસ્તારોમાં નળ સે જળ યોજના અંતર્ગત પાણીની પાઈપ લાઈનો તેમજ નળો તો નાંખી દેવામાં આવ્યાં છે પરંતુ નળ માંથી માત્ર હવા આવતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. પાણી આવતું નથી. ત્યારે આવા સમયે દાહોદ જીલ્લાવાસીઓને પાણી માટે મુશ્કેલી વધી શકે તેમ લાગી રહ્યું છે. કડાણાથી દાહોદ જતી પાણીની પાઈપ લાઈનમાં ફતેપુરા તાલુકાના બારીયાની હથોડ ગામે ભંગાણ સર્જાયું છે. લાખ્ખો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. બારીયાની હથોડ ગામેથી કડાણાથી દાહોદ જતી પાણીની પાઈપ લાઈન પસાર થાય છે. આ પાણીની પાઈપ લાઈનમાં ક્યાં કારણોસર ભંગાણ સર્જાયું તે જાણી શકાયું નથી. હાલ સુધી પણ ભંગાણ સર્જાયેલ પાણીની પાઈપ લાઈનનું સમારકામ કરવામાં આવ્યું નથી. ત્યારે લાગતા વળગતા અધિકારીઓ દ્વારા આ બાબતની ગંભીર નોંધ લઈને આ ભંગાણને તાત્કાલિક રીપેર કરવામાં આવે અને આ પાણીનો વેડફાટ થતો અટકાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

## રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અન્વયે યોજાયેલા કેશ ક્રેડિટ કેમ્પમાં ૧૦૨ સ્વસહાય જૂથોને રૂ.૧૫૦ લાખ જેટલી રકમનું ધિરાણ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દાહોદ ખાતે આજે રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડની અધ્યક્ષતામાં કેશ ક્રેડિટ કેમ્પ યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અન્વયે યોજાયેલા કેશ ક્રેડિટ કેમ્પમાં ૧૦૨ સ્વસહાય જૂથોને રૂ. ૧૫૦ લાખ જેટલી રકમનું ધિરાણ કરવામાં આવ્યું હતું. તદ્દઉપરાંત મે માસમાં કુલ ૮૧૬ કેશ ક્રેડિટ લોન અરજીઓ તૈયાર કરી બેન્કમાં મોકલી આપવામાં આવી હતી. તે પૈકી ૧૨૫ અરજી અને રૂ. ૨૦૨ લાખનું સીસી લોન ધિરાણ મંજૂર કરવામાં આવશે.

આ પ્રસંગે પંચાયત, કૃષિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું કે, ગ્રામીણ મહિલાઓની આર્થિક ઉન્નતિ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં મહિલાઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ કલ્યાણ યોજનાઓનું સુપેરે અમલીકરણ થઇ રહ્યું છે. રાજ્યમાં સ્વસહાય જુથની મહિલાઓને રાજ્ય સરકારની મળી રહેલી કેશ ક્રેડિટ તેમજ સહાય થકી મહિલાઓ આર્થિક સ્વનિર્ભરતા હાંસલ કરી રહી છે.

તેમણે જણાવ્યું કે, દાહોદ જીલ્લામાં આજે ૧૦૨ સ્વસહાય જૂથોને રૂ. ૧૫૦ લાખની સહાય આપવામાં આવી રહી છે ત્યારે મહિલાઓએ પોતાના ગામમાં અન્ય મહિલાઓને પણ સરકારની યોજનાઓનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવી જોઇએ. સરકાર દ્વારા કેશ ક્રેડિટ મળી છે ત્યારે તેનો યોગ્ય સદઉપયોગ કરીને મહિલાઓ સ્વરોજગારી મેળવી શકે છે. તેમજ પોતાના પરિવારને પણ આર્થિક રીતે સહાયરૂપ બની શકે છે.

તેમણે ઉમેર્યું કે, જીલ્લામાં ૧૪૫૦૩ જેટલા સખીમંડળોની રચના થઇ છે અને ૧૩૮૬૬૫ મહિલાઓ તેમાં સભ્ય છે. જીલ્લામાં સ્વસહાય જુથોની કામગીરી થકી મહિલાઓના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું છે. તેઓ આર્થિક રીતે સક્ષમ બન્યાં છે અને નવો આત્મવિશ્વાસ મેળવ્યો છે.

ધારાસભ્ય રમેશભાઇ કટારાએ જણાવ્યું કે, જીલ્લામાં સ્વસહાય જુથોની મહિલાઓ દ્વારા સરસ કામગીરી કરવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ આર્થિક રીતે વિકાસ કરી રહી છે ત્યારે તેમણે અન્ય મહિલાઓને પણ સ્વસહાય જુથની કામગીરી વિશે માહિતગાર કરી તેમાં જોડવા જોઇએ. જે મહિલાઓ સ્વસહાય જુથમાં સક્રિય ન હોય તેમને સ્થાને અન્ય મહિલાઓને સામેલ કરવી જોઇએ.

આ પ્રસંગે જીલ્લા પંચાયત ઉપપ્રમુખ સરતનભાઇ ચૌહાણે સ્વસહાય જુથની મહિલાઓની કામગીરીની સરાહના કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ સ્વસહાય જુથની મહિલાઓને કેશ ક્રેડિટ માટેના ચેક વિતરિત કર્યા હતા. આ વેળા ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઇ ભાભોર, ડીઆરડીએ નિયામક બી.એમ. પટેલ, લીડ બેન્ક મેનેજર, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કં. લી. ના મેનેજર સુકુમાર ભૂરિયા, વિવિધ બેન્કોના પ્રતિનિધિઓ તેમજ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## દાહોદ શહેરમાં ડિમોલેશન ડ્રાઈવમાં પાલિકાના શોપિંગ સેન્ટરોની ૨૬૪ દુકાનો તોડી પડાઈ

દાહોદ,

**- વૈકલ્પિક વ્યવસ્થા માટે નગર રચના યોજનામાં ફેરફારની દરખાસ્ત કરાશે.**
**- ફાઈનલ પ્લોટ ૧૮ અને ૮૬ના શોપિંગ સેન્ટરમાં સરકારના નીતિ નિયમ મુજબ પુનઃ ભાડા કરાર કરાશે : પાલિકાની સામાન્ય સભામાં ઠરાવ કરાયા.**

દાહોદ નગર પાલિકાની ગુરૂવારના રોજ સામાન્ય સભા મળી હતી. તેમાં વિવિધ કામોના ૧૨ ઠરાવ સર્વાનુંમતે પસાર કરવામાં આવ્યા હતાં. આ ઠરાવોમાં સૌથી મહત્વના ૧૦ અને ૧૧ નંબરના ઠરાવ હતાં. જેમાં સ્માર્ટસિટી પ્રોજેક્ટ હેઠળ રોડ અપગ્રેડેશન ના કામાં નગર પાલિકાના શોપિંગ સેન્ટરના ભાડુઆતોની દુકાનો કરવાની કાર્યવાહી થઇ હતી. તે દુકાનોને આગામી સમયાં આયોજન કર્યા બાદ નવેસરથી સરકારી ધારાધોરણ મુજબ ભાડા કરારથી દુકાનો ફાળવવા બાબત સાથે ફાઈનલ પ્લોટ નંબર ૧૮ અને ફાયનલ પ્લોટ નંબર ૮૬માં બનેલા નગર પાલિકાના શોપિંગ સેન્ટરમાં નગર પાલિકાના ભાડૂઆતોને રીએલોટમેન્ટ કરવાના કામના ઠરાવ કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત ૧૧ નંબરના ઠરાવમાં દાહોદ નગરની જરૂરિયાત અને પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને દાહોદ નગર રચના યોજના નંબર ૧ ફેરફાર-૩ની દરખાસ્ત કરવા અંગેનો પણ ઠરાવ કરવામાં આવ્યો હતો. દબાણ હટાવ ઝુંબેશમાં દાહોદ નગર પાલિકાના શોપિંગ સેન્ટરોમાં ગ્રાઉન્ડ ફ્લોરની ૧૬૫, ફસ્ટ ફ્લોરની ૮૫ અને સેકન્ડ ફ્લોરની ૧૪ દુકાનો તોડી પાડવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે, નગર પાલિકાએ વૈકલ્પિક વ્યવસ્થા અંગેનો ઠરાવ કર્યો છે. ત્યારે આવનારા સમયમાં દુકાનદારોને જુના ભાડુઆત પ્રમાણે દુકાનો ફળવાશે કે નવેસરથી સરકારી નીતિ નિયમ અને ધારા ધોરણ મુજબ જાહેર હરાજી કરી દુકાનો ફાળવવામાં આવશે એ હાલ ચર્ચાનો વિષય બની જવા પામેલ છે.ત્યારે એક દિવસ પહેલાં જ સાંસદ જશવંતસિંહ ભાભોરની આગેવાનીમાં ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, શહેર પ્રમુખ પ્રશાંત દેસાઈ સહિતની ટીમે મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલને આ મામલે રજૂઆત પણ કરી હતી.

કારોબારી ચેરમેને ઝુંબેશ મામલે અંધારામાં રાખ્યાના ઈંધને સવાલોઃ નગરપાલિકા પ્રમુખને તત્કાલીન સીઓએ લેટર વડે જાણ કરી હોવાનું ખુલાસો.

સામાન્ય સભામાં પાલિકાના જ સુધરાઈ સભ્યોએ દબાણ હટાવ કામગીરી મામલે નગર પાલિકાના સભ્યોને અગાઉથી કેમ જામ કરાઈ ન હતી અને અંધારામાં કેમ રાખ્યા હોવાના સણસણતા સવાલો ચીફ ઓફિસરને કર્યા હતાં. જોકે આ મામલે ચીફ ઓફિસર દ્વારા જણાવ્યું હતું કે, અગાઉના સમયના તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા પાલિકા પ્રમુખને જાણ કરી હોવાનું અત્રે ઉલ્લેખનીય છેકે, દાહોદમાં ડેમોલિશન કામગીરીને લઈ પાલિકા પ્રમુખના જણાવ્યા અનુસાર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ કંપનીએ અમને અંધારામાં મૂક્યા હોવાનું જણાવ્યું હતું પરંતુ સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ કંપનીએ ૧૦ તારીખ ૦૩/૦૪/ ૨૦૨૩ ના રોજ પત્ર લખી સીટી સર્વે દ્વારા રોડ અપગ્રેડેશનમાં માર્કિંગ કર્યા બાદ દબાણ ખુલ્લું કરવા માટે નિયમો અનુસાર કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ૧૮/૩/૨૦૨૩ નારોજ ચીફ ઓફિસર ડીએલઆર સીટી સર્વે તેમજ મામલતદારને ડીમાર્ગેશન માટે પત્ર લખ્યું હતું અને દાહોદ નગરપાલિકાએ પણ તારીખ ૨૦/૩/૨૦૨૩ નારોજ પત્ર લખી નગરપાલિકાના સંબંધિત અધિકારીઓને ડેમુલેશનની કામગીરીમાં સંકલનમાં રહેવા માટે હુકમ કર્યો હતો. જો આ ત્રણેય પત્ર ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખ પાસે આવ્યા છે. તો તેઓને દબાણ અંગે અંધારામાં રાખ્યા હોવાનું કેવી રીતે કહી શકાય. આ પત્ર મુજબ પાલિકા પ્રમુખને ડિમોલેશન કામગીરી કરવા પત્ર વ્યવહારથી અવગત કરવામાં આવ્યા હતા. તો તેઓએ પોતાની નૈતિક ફરજ સમજી ચૂંટાયેલી પાંખના પ્રતિનિધિઓને કેમ ના જણાવ્યું.? એક મોટો સવાલ છે.

શહેરમાં જે વિસ્તારોમાં ડિમોલિશન કામગીરી પૂર્ણ થઈ હોય તે વિસ્તારો માંથી કાટમાળ ખસેડયા બાદ અન્ય વિસ્તારોમાં ડિમોલિશન કરવા રજૂઆત કરાઈ. સામાન્ય સભામાં પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિએ ઓફિસરને જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા જે વિસ્તારોમાં ડિમોલેશનની કામગીરી થઈ ગઈ હોય તે વિસ્તારમાં સત્વરે કાટમાળ ખસેડી રસ્તાઓ શરૂ કરવામાં આવે અને ત્યારબાદ અને વિસ્તારોમાં ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવે તે માટે રજૂઆત કરી હતી. તો આ સાથે ચોમાસું સામે છે. ત્યારે વિવિધ વિસ્તારોથી કાટમાળ દૂર થાય ત્યારે જ દબાણ હટાવ ઝુંબેશ કરાય તેવી રજૂઆતો પણ કરવામાં આવી હતી. દબાણ હટાવ ઝુંબેશમાં પાલિકા દ્વારા કેટલી દુકાનો તોડી પડાઈ તે અંગે સર્વે કરી મુસદ્દો તૈયાર કરવામાં આવે તેવી માંગણી ઉઠી.

તાજેતરમાં વહીવટી તંત્ર દ્વારા ડિમોલેશનની કામગીરી હાથ ધરી રસ્તામાં અવરોધરૂપ નગરપાલિકાના શોપિંગ સેન્ટરમાં આવેલી સંખ્યાબંધ દુકાનો તોડી પાડવામાં આવી છે. જેમાં ઘણા ખરા વેપારીઓ વિસ્થાપિત થયા છે. ત્યારે પાલિકા દ્વારા વેપારીઓના હિતમાં અન્ય જગ્યાએ દુકાનો બનાવી ફાળવણી કરવા અંગે ઠરાવની કામગીરી હાથ ધરી છે. ત્યારે કેટલાક સુધરાઈ સભ્યોની રજૂઆત છે કે પાલિકા દ્વારા એક સર્વે કરાવવામાં આવે જેમાં મૂળ માલિકો,ભાડું આ તો તેમજ પેટા ભાડુઆતોની કેટલી દુકાનો તૂટી છે, તે પ્રકારનો મુસદ્દો તૈયાર કરી કેટલી જગ્યા જોઈએ છે. તે અંગે ખરાઈ ખરી સરકારમાં દરખાસ્ત મુકે તો દાહોદ નગરપાલિકાનો પારદર્શક વહીવટ દેખાય તેમ છે. ત્યારે આ તમામ પરિસ્થિતિઓની વચ્ચે આદિવાસી સમાજ દ્વારા ૧૫.૦૩.૧૯૭૬ ના રોસ્ટર મુજબ ૫૦% અનામતના હક સાથેની માંગણી અંગે સંબંધિતોને આવેદન પાઠવી જણાવ્યું છેકે આગામી સમયમાં પાલિકા તંત્ર દ્વારા નગરપાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરોમાં આવેલી દુકાનો અંગે નવેસરથી સરકારી ધારા ધોરણ અને નીતિ નિયમ મુજબ જાહેર હરાજી કરી દુકાનો ફાળવવામાં આવે અને તેમાંય બંધારણમાં જોગવાઈ મુજબ આદિવાસી સમાજને આ દુકાનોમાં ૫૦% અનામત ફાળવવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.234

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પંચમહાલ જીલ્લામાં ધો.૧૦ બોર્ડનું ૫૬.૬૪ ટકા પરિણામ જાહેર થયું

### એ-૧ ગ્રેડ-૪૫, એ-૨ ગ્રેડમાં ૫૩૮ વિદ્યાર્થી આવ્યા

ગોધરા, ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવ્યું. ધો.૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થતાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો. પંચમહાલ જીલ્લાનું ૫૬.૬૪ ટકા જાહેર થયું છે. જે ગત વર્ષ કરતાં ઓછું આવ્યું છે.

પંચમહાલ જીલ્લામાં ધો.૧૦ બોર્ડની પરીક્ષામાં ૨૧,૯૩૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આજરોજ પરીક્ષાનું પરિણામ વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૫૬.૪૬ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ગત વર્ષ ૫૮.૬૦ ટકા હતું. તેના કરતાં ઘટાડો નોંધાયો છે. ધો. ૧૦ બોર્ડની પરિક્ષાનું પરિણામ આવતાં કહી ખુશી કહી ગમના જોવા મળી બોર્ડની પરીક્ષામાં પાસ થયેલ સંતાનોના માતા-પિતામાં ખુશી અને ઉત્સાહ જોવા મળ્યો. પંચમહાલ જીલ્લામાં ૩૧,૯૩૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં એ-૧ ગ્રેડમાં ૪૫ વિદ્યાર્થી, એ-૨ ગ્રેડમાં ૫૩૮ પાસ થયા, બી-૧ ગ્રેડમાં ૧૬૪૦ અને બી-૨ ૩૧૪૭ વિદ્યાર્થી પાસ થયા છે. ધો.૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થતાં પંચમહાલ જીલ્લા કલેકટર આશીષકુમાર દ્વારા પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓને ઉજજવળ ભવિષ્ય કામના કરી શુભેચ્છા પાઠવી સાથે જ વિદ્યાર્થીઓની અપેક્ષા મુજબ પરિણામ ન મેળવ્યું હોય તેવા વિદ્યાર્થીઓને ઉત્સાહ ઓછો ન કરવા સલાહ આપી.

## પંચમહાલ જીલ્લામાં ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન પોર્ટલ પરના ૧૦૩ બાળકોને દત્તક લેવાયા



ગોધરા, પંચમહાલ જીલ્લા કલેક્ટર આશિષ કુમારની અદયક્ષતામાં ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન અંતર્ગત પંચમહાલ જીલ્લાના ૧૦૩ બાળકો અને ૪૨ પરિવારોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે એક સામાજીક ભાગીદારીનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આ પરિવારો અને બાળકોને ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન (CISS) અન્વયે જીલ્લાના સંકલનના ૪૨ અધિકારીઓએ બાળકો અને પરિવારની સંપૂર્ણ જવાબદારી લઈને દત્તક લીધા છે.

જીલ્લા કલેકટર આશિષ કુમારે ગોધરા સ્થિત પાનમ કોલોની પાસે રહેતા રવિભાઈ નાગોરાના બે બાળકો દિવ્યાંગ અને પ્રિયંકાને દત્તક લઈને પરિવારની મુલાકાત લીધી હતી. તેમણે આ પરિવારના ઘરે જઈને તમામ બાબતોની વિગતો મેળવી હતી. જેમાં સરકારી સહાય સહિત વિવિધ ડોક્યુમેન્ટને ચેક કરીને પરિવાર તથા બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. તેમણે બાળકને વ્હાલ કરીને બાળકના અભ્યાસ માટે પુસ્તકો અને ચોકલેટ ભેટ કરી હતી. આ સાથે તેમણે તમામ પ્રકારની મદદ તથા માતા પિતાને પોતાના કૌશલ્ય મુજબ ધંધો કરવા માટે ટ્રેનિંગની વ્યવસ્થા કરવા પ્રોત્સાહિત કર્યા હતા. બાળકને આગળ અભ્યાસ કરવા માટે પ્રેરણા આપી હતી. આ તકે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી લખારા અને મામલતદાર હાજર રહ્યા હતા.

હવે પછી દત્તક લીધેલા બાળકોના જીવન ધોરણમાં સુધારો કરવા તેમજ માનસીક અને શારીરિક વિકાસમાં વધારો થાય તેવા પ્રયત્નો હાથ ધરાશે. જેમાં બાળકોનાં આરોગ્યની સમયાંતરે ચકાસણી કરવી, શિક્ષણ સંબંધિત તમામ જરૂરીયાતો જેવી કે યુનીફોર્મ, ટ્યુશન ફી, સાહિત્ય અને સ્ટેશનરી, રમતગમતના સાધનો તેમજ પરિવારોના તમામ સભ્યોના જીવન વીમા લેવા તેમજ પરિવારોને જીવન જરૂરીયાતની વસ્તુઓ અને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવા ખાતરી અપાઈ હતી.

## કાલોલના ભાદરોલી બુર્ઝગ ગામે ઈલેક્ટ્રીક ડી.પી.નું લંગરીયુ ચઢાવવા જતાં કરંટ લાગતા ૩૭ વર્ષીય યુવાનનું મોત

કાલોલ, કાલોલ તાલુકાના ભાદરોલી બુર્ઝગ ગામની સીમમાં ખેતરમાં આવેલ ડી.પી.નું લંગરીયું ચઢાવવા જતાં ૩૭ વર્ષીય યુવાનને કરંટ લાગતાં સ્થળ ઉપર મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ભાદરોલી બુર્ઝગ ગામની સીમમાં રાજેન્દ્રસિંહ ચૌહાણના ખેતરમાં આવેલો ઈલેકટ્રીક ડી.પી.નું લંગરીયું ચઢાવવા માટે પારૂભાઈ પનજીભાઈ ડામોર ઉ.વ.૩૭ (રહે. કાકડખીલા,ધાનપુર) જતાં અચાનક પગના ભાગે ઈલેકટ્રીક કરંગ લાગતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાઈ.

## પંચમહાલ જીલ્લામાં પ્રધાનમંત્રી કિસાન નિધીમાં પાત્રતા ન ધરાવતા ૨૮૩૨ ખેડુતો પાસેથી ૩.૭૨ કરોડની રીકવરી કરાશે

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કિસાન નિધી યોજનામાં ૨૦૧૮માં શરૂ થઈ હતી. ત્યારથી વાર્ષિક ૬ હજાર રૂપીયા ખેડુતના બેંક ખાતામાં જમા થતાં હોય હાલ પંચમહાલ જીલ્લામાં કિસાન નિધી યોજના હેઠળ પાત્રતા ન ધરાવતા હોય તેવા ખેડુત લાભાર્થી બનીને ૨૮૩૨ ખેડુતોએ રૂા.૩,૭૨,૨૬,૦૦૦/- રૂપીયાની રીકવરી કરવામાં આવશે. અત્યાર સુધી પાત્રતા ન ધરાવતા ૮૫ ખેડુતો પાસેથી ૧.૭૫ લાખ રૂપીયા રીકવર કરવામાં આવ્યા છે. કિસાન નિધી યોજનામાં જે ખેડુતો ગર્વમેન્ટ નોકરી કરે છે અને આઈ.ટી. રીર્ટન ફાઈલ કરે છે. તેવા ખેડુતોએ કિસાન નિધી યોજનાનો લાભ લીધેલ છે. તેવા ૨૮૩૨ ખેડુતો પંચમહાલ જીલ્લામાં છે. આવનાર દિવસોમાં તમામ પાત્રતા ન ધરાવતા ખેડુતોએ લાભ મેળવ્યો છે. તેવા ખેડુતો પાસેથી રૂપીયાની રીકવરી કરવામાં આવશે.

### ગોધરાના મોટી કાંટડી ગામે કુણ નદીમાં

## ગેરકાયદેસર રેતી ખનનમાં મજુરી અર્થે ગયેલ વ્યકિતનું શંકાસ્પદ મોત અંગે તપાસ કરી ન્યાયની માંગ સાથે કલેકટરને લેખિત રજુઆત

ગોધરા, ગોધરા તાલુકાના મોટી કાંટડી ગામે કુણ નદી માં૦થી કોઈપણ જાતની મંજુરી વગર રેતીનું ગેરકાયદેસર ખનન કરવામાં આવ્યું હોય અનેવાર રજુઆત છતાં માથાભારે ઈસમો રેતી ખનન બંધ કરતા નથી અને મજુરી અર્થે આવેલ શ્રમજીવીનું મરણ ગયેલ હોય ત્યારે સ્થળ તપાસ કરી સાચો ન્યાય મળે તેવી માંગ સાથે જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ.

ગોધરા તાલુકાના મોટી કાંટડી ગામે કુણ નદી માંથી કોઈપણ જાતની પરવાનગી મંજુરી વગર ગેરકાયદેસર રેતીનું ખનન કરવામાં આવી રહ્યું છે. કુણ નદીમાં ચાલતા રેતી ખનન બાબતે અવારનવાર રજુઆત છતાં માથાભારે ઈસમો દ્વારા રેતીનું ખનન બંધ કરવામાં આવ્યું નથી. કુણ નદીમાં રેતી ભરવા માટે ૨૪ મે નારોજ ભરવાડ હરીભાઈ ભવાનભાઈ મજુરી અર્થે બોલાવેલ અલ્કેશકુમાર ગોરધનભાઈ પરમાર મરણ પામેલ છે. તે સ્થળની મુલાકાત લઈને ન્યાય મળે તેવી માંગ છે. અલ્કેશ પરમારનું મરણ જતાં સ્થળ ઉપર કોઈપણ પ્રકારની તપાસ કર્યા વગર મૃતદેહ ઉઠાવવા પોલીસ દ્વારા ધમકી આપેલ હતી. તેમજ મૃતક વ્યકિતનો મોબાઈલ ફોન બંધ કરેલ મૃતકના શરીરે કોઈપણ જાતની ઈજાઓ થયેલ નથી. જેને લઈ મોત અંગે શંકા ઉભી થયેલ છે. ત્યારે સ્થળ તપાસ કરી મૃતકના પરિવારજનોને સાચો ન્યાય મળે તે માટે કાર્યવાહી કરાય તેવી માંગ સાથે પંચમહાલ કલેકટરને લેખિત રજુઆત કરાઈ છે.

## સાલીયા સંતરોડ ગામ ખાતે પીવાના પાણીને લઈ નલ સે જલ યોજનાનું પાણીને લઈ ગ્રામ પંચાયત મહિલાઓ આક્રોશ સાથે પહોંચી




- "મોરવા હડફ તાલુકાના ધારાસભ્ય નિમિષાબેન સુથારે મોરવા હડફ તાલુકાના ગામમાં નલ સે જલ યોજનામાં પાણી લઈ ગામના લોકોને જાગૃત થવું પડશે તેવું આશ્વસન આપ્યું હતું. પરંતુ સાલીયા સંતરોડ ગામ ખાતે ગ્રામ પંચાયત માં વારંવાર રજૂઆત કરવા છતાં કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવું દેખાઈ રહ્યું છે."
- "ધારાસભ્ય નિમિષાબેન સુથાર સંતરોડ સાલીયા વિસ્તારમાં પીવાના પાણી ની સ્થળ તપાસ કરી પાણી મળી રહે તેવી ગામની મહિલાઓ રજૂઆત કરી રહ્યા છે."

મોરવા(હ), પંચમહાલ જીલ્લાના મોરવા હડફ તાલુકાના સંતરોડ સાલીયા ગામે ગ્રામ પંચાયતનું પીવાનું પાણી તેમજ નલ સે જલ યોજનામાં પાણી ન મળતા ગ્રામ પંચાયત સાલીયા ખાતે આક્રોશ સાથે મહિલાઓ પહોંચી હતી. સંતરોડ સાલિયા જૂની પોસ્ટ બજાર ખેડા ફળિયામાં રેલવે સ્ટેશન સામે કેટલા સમયથી પાણીની સમસ્યા લઈ ગ્રામ પંચાયત ખાતે વારંવાર રજૂઆત કરવા આવતી હોય છે. ખેડા ફળિયામાં પીવાના પાણીને લઈ ન્હાવા ધોવાનું પાણી વેચાતું લેવું પડતું હોય છે. ત્યારે પોસ્ટ બજાર વિસ્તારની મહિલાઓ નલ સે જલ યોજનાનું પાણી સમયસર ન મળતા મહિલાઓ ગ્રામ પંચાયત સાલીયા સંતરોડ પહોંચી હતી અને ગામના સરપંચ તેમજ તલાટીને રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવતા તલાટી સરપંચ જણાવ્યું હતું. ઉપરથી હારેડાનું પાણી ન આવવાથી અમે તમને ક્યાંથી આપીશું હારેડાનું પાણી અઠવાડિયામાં એકવાર આવે છે, એટલે તમને અઠવાડિયામાં એકવાર મળશે તેવું જણાવ્યું હતું. મોરવા હડફ તાલુકાના ધારાસભ્ય નિમિષાબેન સુથાર જલ સે નલ યોજનામાં પાણી ન આવે તો ગામના લોકોને જાગૃત થવું પડશે, તેઓ આશ્વાસન આપ્યું હતું. ત્યારે હાલમાં સંતરોડ સાલીયા ગામમાં જૂની પોસ્ટ બજારમાં પીવાના પાણીની સમસ્યાને લઈ મોટો પ્રશ્ન ઉભો થયો છે. હાલમાં ગામના લોકો પાણીથી પીડાઈ કંટાળી ગ્રામ પંચાયત સાલિયા સંતરોડ પહોંચ્યા હતા. સંતરોડ સાલીયા જૂની પોસ્ટ બજાર વિસ્તારમાં લોકો આજુબાજુથી વેચાતું પાણી લઈને ઘર વસવાટ કરીને ગુજરાન ચલાવે છે. હાલમાં સરકારે નવી યોજના નલ સે જલ યોજનામાં પાણી ના મળતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ગ્રામ પંચાયત સાલીયા સરપંચ તેમજ તલાટી પાણીની સમસ્યાને લઈ રજૂઆત કરવામાં આવી હતી. અઠવાડિયામાં એકવાર પાણી છોડતા વાલ ઓપરેટર અડધો વાલ ખોલવાથી ઉચાણ વાળા ઘરોમાં પાણી પહોંચતું નથી. તેવી રજૂઆત મહિલાઓ આક્રોશ સાથે ગ્રામ પંચાયત સાલીયા સંતરોડ ખાતે પહોંચી હતી.

## કાલોલ પાલિકાના સફાઈ કામદારોને નિયત લઘમત વેતન પ્રમાણે ચુકવણું કરવા મામલતદાર અને ચીફ ઓફિસરને આવેદન



કાલોલ, કાલોલ પાલિકાના સફાઈ કામદારોને સરકારના નિયત કરાયેલ લઘુતમ વેતન પ્રમાણે ચુકવણું નહિ કરતાં સફાઈ કામદારોના હિતમાં ચીફ ઓફિસરને આવેદન આપવામાં આવ્યું. કાલોલ નગર પાલિકાના સફાઈ કામદારોને સરકારશ્રીની નકકી કરાયેલ લઘુતમ વેતન પ્રમાણે ચુકવણું ન કરવામાં આવતું હોવાથી મોંઘવારીના કપરાકાળામાં સફાઈ કામદારોને જીવત નિર્વાહ ચલાવતો મુશ્કેલ બનેલ છે. સરકારના દ્વારા ૪/૩/૨૦૨૩ના પરિપત્ર મુજબ લઘુમત વેતનનું ચુકવણું કરી સફાઈ કામદારોને વેતન આપવામાં આવતું ન હોવાથી સફાઈ કામદારોના સંગઠન પંચમહાલ જીલ્લા વાલ્મીકી સમાજ સંગઠન દ્વારા કાલોલ મામલતઘર તેમજ પાલિકા ચીફ ઓફિસરને ન્યાયની અપેક્ષા સાથે સરકાર સુધી રજુઆત પહોંચાડવા માટે અલ્પેશ ચૌહાણ, અમિતભાઈ સોલંકી, મુકેશભાઈ મડેરા, ભવાનભાઈ સોલંકી દ્વારા આવેદનપત્ર આપીને રજુઆત કરી.

## ગોધરાના જાફરાબાદ વિસ્તારમાં સસ્તા અનાજની દુકાનો માંથી અનાજ માફિયાઓ દ્વારા અનાજનો સગેવગે કરતાં હોય તેવા કિસ્સો પ્રકાશમાં આવ્યો

ગોધરા, ગોધરાના જાફરાબાદ વિસ્તારની સરકારી સસ્તા અનાજની દુકાનો માંથી કડીયાવાડના એ અનાજ માફિયા દ્વારા ગરીબોના હકકનું અનાજ બારોબાર સગેવગે કરવામાં આવતું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ત્યારે તંત્ર આવા કડીયાવાડના અનાજ માફિયા સામે કાર્યવાહી કરવા મક્કમ બનશે ખરાં ?

ગોધરાની જાફરાબાદ વિસ્તારમાં આવેલી સરકારી સસ્તા અનાજની દુકાનો માંથી ગરીબો માટે સરકાર દ્વારા પુરુ પાડવામાં આવતું મફત અનાજનો જથ્થો અનાજ માફિયા અને સસ્તા અનાજની દુકાનદારના મેળાપીપણામાં સગેવગે થઈ રહ્યો છે. ગોધરા શહેર અને આસપાસની સરકારી અનાજની દુકાનો માંથી કડીયાવાડના આ અનાજ માફિયા દ્વારા વાહનોમાં સરકારી અનાજનો જથ્થો સગેવગે કરાઈ રહ્યો હોય ત્યારે હવે તાલુકા પુરવઠા, જીલ્લા પુરવઠા વિભાગ આવા અનાજ માફિયાને પકડીને સરકારી અનાજના જથ્થા સાથે ઝડપી પાડવા મક્કમ બનશે કે કેમ તે જોવું રહ્યું.

## પંચમહાલ જીલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો



ગોધરા, મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ અંતર્ગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગતની શરૂઆત તા.૨૪મી એપ્રિલ, ૨૦૦૩ નારોજ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરાઈ હતી. આ કાર્યક્રમને ૨૦ વર્ષ પુર્ણ થવાના અવસરે રાજ્યભરમાં પ્રજાના પ્રશ્નોના નિકાલ માટે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પંચમહાલ જીલ્લામાં સ્વાગત કાર્યક્રમ થકી ગ્રામ્ય સ્તરથી જીલ્લાકક્ષા સુધીના સ્વાગત કાર્યક્રમ અંતર્ગત જનતાના પ્રશ્નોના નિવારણ માટે જીલ્લા વહિવટીતંત્ર પ્રતિબધ્ધ છે. સ્વાગત સપ્તાહની જનજાગૃતિ ઉજવણી અંતર્ગત ગ્રામ્યકક્ષા, તાલુકાકક્ષા તેમજ જીલ્લા કક્ષાએ સ્વાગત કાર્યક્રમ યોજાય છે.

આજરોજ પંચમહાલ જીલ્લાના મુખ્યમથક ગોધરા કલેક્ટર કચેરી સભાખંડ ખાતે જીલ્લા કલેક્ટર આશિષકુમારની અધ્યક્ષતામાં જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જીલ્લા માંથી કુલ ૧૨ અરજાદારો પૈકી ૯ અરજદારો દ્વારા વિવિધ પ્રશ્નો બાબતે રજુઆત કરાઈ હતી અને તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, નિવાસી અધિક જીલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા સબજેલમાંથી ચેકિંગ દરમિયાન બે મોબાઈલ ઝડપાયા

ગોધરા, ગોધરા શહેરમાં આવેલી સબજેલમાં હાથ ધરવામાં આવેલ ચેકિંગ દરમિયાન ખાડો ખોદીને છુપાવી રાખેલા બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલ અને સુધારાત્ક વહીવટી કચેરીના ઝડતી સ્કવોર્ડ, જેલર ગ્રુપ નં-૨ના દેવસીભાઈ રમણભાઈ કરંગીયા દ્વારા તા.૨૩ના રોજ ગોધરા ખાતે આવેલી સબજેલમાં આકસ્મિક રીતે ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. બેરેકમાં કેદીઓની ઝડતી દરમિયાન જેલની મુખ્ય જામની બાજુની તથા પાછળની મુખ્ય દિવાલના ખુણા પાસે જમીનમાં ખાડો કરીને છુપાવી રાખેલો સીમકાર્ડ સાથેનો ચાલુ હાલતમાં એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. તેમજ બેરેક નં-૭ સામે આવેલા પીપળાના ઝાડની બાજુમાં ઓટલા પાસે ખાડો કરીને છુપાવી રાખેલા સીમકાર્ડ વિનાનો ચાલુ હાલતમાં મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આમ ઝડતી સ્કવોર્ડ દ્વારા બંને મોબાઈલ ફોન કબ્જે લેવામાં આવ્યા હતા અને સબજેલના અનઅધિકૃત રીતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરનાર અજાણ્યા કેદી સામે ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસ મથકે પ્રિઝન્સ એકટ મુજબ ગુનો નોંધાયો હતો.

### અશાંતધારામાં આવેલ કોમ્પ્લેક્ષ પર કોની રહેમનજર

## ગોધરા શહેરના મધ્યમાં આવેલ કૌસર કોમ્પ્લેક્ષમાં ચાલુ બાંધકામમાં કોની પરમીશન

- શુ કૌસર કોમ્પ્લેક્ષમાં ચાલુ થનાર હોટલનો દસ્તાવેજ થશે ખરો ?
- કૌસર કોમ્લેક્ષમાં વેચાણ થયેલ દુકાનોના દસ્તાવેજ થશે ખરા ?

ગોધરા, ગોધરા શહેર મહાલક્ષ્મી માતાની જમીનો જે મસમોટું બાંધકામ કરી કૌસર કોમ્પ્લેકસ બનાવવામાં આવેલ છે અને તેમાં પુરજોશમાં હોટલનું રીનોવેશનનું કામ ચાલી રહયું છે અને તેમાં નગર પાલિકા દ્વારા બાંધકામ પરમીશન કયા કાયદા હેઠળ આપવામાં આવેલ છે. જે બાબતે પંચમહાલ જીલ્લાના કેડરના આઈ.એ.એસ. અધિકારીને ધાર્મિક જમીનો બચાવવાનો પુરેપુરા ગુજરાત સરકાર દ્વારા સોંપવામાં આવેલ છે. તે જમીનો ઉપર ખુબ જ મોટા મોટા બન્ને રોડ ઉપર કોમ્પલેક્ષો બનાવી અને અનેક દુકાનો ધાર્મિક મિલ્કતોની વર્ષાબેન ભગત દ્વારા વેચાણ દસ્તાવેજો કરી કરાવી તેમજ મોટા પ્રમાણમાં નગર પાલિકા કર્મચારીઓ, અધિકારીઓને મોટી મોટી લાંચ રૂશ્વતો આપી પાકું બાંધકામ કરેલ છે. જે જમીનોમાં અશાંતધારા લાગુ થયેલ છે. આમ આવી ધાર્મિક મંદિરો, મસ્જીદો, ગીરજાઓની જમીનોમાં ચેરીટી કમિશ્નરની મંજુરી અનિવાર્ય હોય તેમ છતા અને ગુજરાત સરકાર મહેસુલ વિભાગ ગાંધીનગર દ્વારા સ્પષ્ટ સુચનાના આદેશો આપવામાં આવેલ વિગતોમાં ગુજરાત રાજય સરકાર અમદાવાદ જાવક નંબર ચેરીટી કમિશ્નર ૧૧૨૦૯/૨૦૧૯ તા.૧૨/૦૭/૨૦૧૯ બાબતે મહેસુલ વિભાગ પરિપત્ર ક્રમાંક એસ/૩૦/૨૨૦૭/૩૩૪૭/ગ થી ધાર્મિક અને સખાવતી સંસ્થાઓને ગણવાના થાય છે. અને જે તે ટ્રસ્ટની સ્થાવર મિલ્કતોના કબજેદાર જે તે ટ્રસ્ટ હોવાથી તેઓના રેવન્યુ રેકર્ડમાં નામ અને નોંધણી નંબર દર્શાવવામાં આવે તો સંસ્થાના ટ્રસ્ટીઓ, પુજારીઓ કે તેઓના વારસદારો બિનજરૂરી વિવાદો ઉભા ન કરે માટે આપશ્રી તાબાના મહેસુલી અધિકારીઓ, મામલતદારો, પ્રાંત અધિકારીઓ, તલાટી મંત્રીઓ સદર પત્ર મુજબની સંસ્થા ટ્રસ્ટના રેવન્યુ રેકર્ડ મિલ્કતોના વહીવટકર્તા તરીકે ટ્રસ્ટીના કે વારસદારોના નામો દાખલ કરવામાં આવેલ હોય તો તેઓના નામો રદ કરી માત્ર ટ્રસ્ટનું નામ અને ટ્રસ્ટનો નોંધણી નંબર દર્શાવવામાં આવે તેવી ભારપૂર્વક સુચનાઓ આપવામાં આવેલ છે. આમ, જે ગોધરા શહેરમાં બન્ને રોડો ઉપર મોટા મોટા કોમ્પલેકસો મહાલક્ષ્મી માતાની મંદિર ઉપર બનાવવામાં આવેલ છે.

જે જમીનો ઉપર વર્ષાબેન વસંત ભગત દ્વારા આ ધાર્મિક જમીનોમાં ગોધરાના ભુમાફિયાઓ દ્વારા વર્ષાબેન ભગત દ્વારા કુલમુખ્તયાર તરીકે મહાલક્ષ્મી માતાના મંદિરની જમીનો ઉપર કેટલાક વેચાણ દસ્તાવેજો સિદ્દીક યુસુફ છગ્ગા તથા ઈલ્યાસ એહમદ સીંધી તેમજ તેમના સગાસંબંધીઓ દ્વારા દસ્તાવેજો બનાવી વેચાણ વ્યવહાર કરેલ છે અને કેટલાક સબ રજીસ્ટ્રાર ગોધરા દ્વારા દસ્તાવેજો નિષ્પક્ષ અધિકારીઓએ બનાવેલ નથી. જો આ બન્ને કોમ્પ્લેકસોના વેચાણ મિલ્કતો દસ્તાવેજો તથા લેનારના નામો સાથે નિષ્પક્ષ તપાસ તેમના નિવેદનો લેવામાં આવે તેમજ ચેરીટી કમિશ્નરના હુકમો મેળવવવામાં આવે તો આ બન્ને કોમ્પ્લેકસો કોના કોના ઈશારે બનેલની સંર્પૂણ વિગતો તપાસ દરમિયાન પુરેપુરી બહાર આવે તેમ છે. જે હિન્દુ સમાજ પોતાની ધાર્મિક મિલ્કતો બચાવવાની જોરશોરથી માંગો ઉઠવા પામેલ છે. ગોધરા બસ સ્ટેશનવાળા માર્ગ ઉપર હાલ મુસ્લીમ સમાજ દ્વારા હોટલનું રીનોવેશનનું કામ કોની પરમીશનથગી ચાલું છે તે પણ વાત અતિગંભીર છે અને આ કોમ્પ્લેકસ ઉપર જો અશાંતધારો કાયમી ધોરણે નહી લગાવવામાં આવે તો ભવિષ્યમાં અનિવાર્ય બનાવો બને તેવી પુરેપુરી શકયતાઓ છે. જે તમામ રોડો ઉપર અનેક નાત-જાતિના ઈસમોની રાત-દિવસ સુધી અવરજવર ચાલુ હોય છે. જેથી ભવિષ્યમાં અશાંતધારો ધાર્મિક મહાલક્ષ્મી માતાની પોતાની માલિકીનો લાદેલ હોય અને તેઓ દ્વારા આવું બાંધકામ દુર કરી કરવા આદેશો પણ કાર્યવાહી જરૂરી છે. જેથી કાયદાની મર્યાદા તોડનારાઓ સામે કડકમાં કડક કાર્યવાહી પોતાની હિન્દુ સમાજની મિલ્કતો ધાર્મિક હર એકના ભારતના નાગરિક ફરજ બને છે. તેવી માંગો ઉઠવા પામેલ છે.

## કાલોલના નારણપુર ગેટ પાસે નર્મદા કેનાલમાં ૨૧૪ વર્ષીય યુવાને આપઘાત કરી મરણ જતાં સાસરીયા વિરૂદ્ધ આપઘાત માટે દુષ્પ્રેરણાની ફરિયાદ

કાલોલ, કાલોલ તાલુકાના નર્મદા કેનાલ નારણપુર ગેટ પાસે ૨૪ વર્ષીય યુવાનને પત્નીને અવારનવાર તેડવા જતા નહિ મોકલીને પત્ની તરીકેના હકક થી વંચિત રાખી આપઘાત કરવા પ્રેરીત કરતા યુવાને નર્મદા કેનાલમાં પડી મોતને વ્હાલું કરતાં કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ખરસાલીયા ગામે રહેતા કેયુરભાઈ નરેન્દ્રભાઈ પરમાર ઉ.વ.૨૪ના લગ્ન થયેલ હોય અને અવારનવાર પત્નીને તેડવા માટે રૂબરૂ અને ફોન ઉપર કહેવા છતાં પત્નીને સાસરીમાં નહિ મોકલતા કેયુરભાઈને મનમાં લાગી આવતાં અને સાસુ-સસરાં અને પત્નીએ મરવા માટે દુષ્પ્રેરીત કરતા કેયુરભાઈએ નારણપુર ગેટ પાસે નર્મદા કેનાલમાં પડતું મુકીને આપઘાત કરી મોતને વ્હાલું કરી લેતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે મરવા માટેની દુષ્પ્રેરણા આપવા માટે વર્ષાબેન, ચંદુભાઈ ભગાભાઈ વણકર, હસુમતીબેન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી.